# પ્રકરણ-II

આ પ્રકરણમાં ''ગુજરાતમાં ગ્રામ્ય પેય-જળ પાણી પુરવઠા કાર્યક્રમનું અમલીકરણ'' ના કામગીરી ઓડિટના તારણો સમાવિષ્ટ છે.

# કામગીરી ઓડિટ

## નર્મદા, જળસંપત્તિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગ

### 2.1 ગુજરાતમાં ગ્રામ્ય પેય-જળ પાણી પૂરવઠા કાર્યક્રમનું અમલીકરણ


*કાર્યકારી સારાંશ*

*પાણીએ રાજ્યનો વિષય છે અને ન્યુનત્તમ માત્રામાં પીવાલાયક પાણીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાની જવાબદારી રાજ્ય સરકારની છે. દેશના ગ્રામ્ય વિસ્તારોમાં આવેલા વસવાટોને સલામત પેય-જળ પુરૂં પાડવામાં ભારત સરકાર ટેકનિકલ તથા નાણાંકીય સહાય વડે રાજ્ય સરકારોના પ્રયાસોની પૂર્તિ કરે છે. ગુજરાત પાણી-પૂરવઠા અને ગટર-વ્યવસ્થા બોર્ડ (GWSSB) તથા વોટર એન્ડ સેનીટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન (WASMO) થકી ગ્રામ્ય પાણી-પૂરવઠા કાર્યક્રમ (RWSP) ના યોગ્ય અમલીકરણ માટે પાણી-પૂરવઠા વિભાગ (WSD) જવાબદાર છે.*

*રાજ્યમાં ગ્રામ્ય પેય-જળ પાણી પૂરવઠા કાર્યક્રમનું વર્ષ 2013-18 ના સમયગાળાને આવરી લેતું કામગીરી ઓડિટ માર્ચ 2018 થી ઓગષ્ટ 2018 દરમિયાન હાથ ધરવામાં આવ્યું હતું. ઓડિટના મુખ્ય તારણોને સંક્ષેપમાં નીચે આપવામાં આવ્યાં છે.*

- *ઓગષ્ટ 2018ની સ્થિતિએ રાજ્યમાં આવેલ 17,843 ગામોમાંથી 8,947 ગામોને નર્મદા કેનાલ આધારિત યોજનાઓ/કાર્યક્રમો હેઠળ આવરી લેવામાં આવેલ હતાં, જ્યારે 3,893 ગામોને અન્ય સ્ત્રોતો પર આધારિત પાણી પૂરવઠા યોજનાઓ અંતર્ગત આવરી લેવામાં આવ્યા હતાં.*
- *રાજ્યમાં આવેલ તમામ 35,996 વસવાટોને પાણી પૂરવઠાથી પૂર્ણ રીતે આવરી લેવાયેલ હોવાનો ગુજરાત સરકાર (GoG) એ કરેલ દાવો સાચો ઠર્યો ન હતો.*
- *નમૂનારૂપ ચકાસણી કરાયેલ આઠ જિલ્લાઓમાં 91 ગ્રામ્ય પાણી પૂરવઠા યોજનાઓ (RWSSs) હેઠળ આવરી લેવાયેલ 2,352 ગામોમાંથી માત્ર 1,587 ગામો જ RWSSs મારફત પાણી મેળવતાં હતાં. બાકીના 765 ગામો માંથી 258 ગામોને જળસ્ત્રોતમાં અપુરતું પાણી હોવાથી, આંતરિક વિતરણ નેટવર્ક ઊભું ન કરાયું હોવાથી, ક્ષતિયુક્ત પાઈપો, વિગેરે કારણોસર પાણી ઉપલબ્ધ ન હતું.*
- *બિન-કાર્યરત WSSsની ઓછી નોંધણી કરાવવામાં આવી હતી. વળી, ઘણી બિન-કાર્યરત યોજનાઓ તો વિભાગની જાણકારીમાં પણ ન હતી.*
- *ગુજરાત જલસેવા તાલિમ સંસ્થા (GJTI) ખાતે આવેલી રાજ્યકક્ષાની લેબોરેટરી (SLL) ચોક્કસ પરીક્ષણો હાથ ધરવાને બદલે માત્ર સામાન્ય સ્તરના રાબેતા મુજબના પરીક્ષણો જ હાથ ધરતી હતી અને તે ઊંચી કક્ષાના ઉપકરણો/સાધનો ઉપલબ્ધ ન હોવાના કારણે રેફરલ લેબોરેટરી તરીકે તેની કામગીરી કરી શકતી ન હતી. તાલુકા કક્ષાની લેબોરીટરીઓ (TLLs)ની ઓછી સંખ્યાના કારણે ધોરણો અનુસાર પરીક્ષણ કરવા જરૂરી જળસ્ત્રોતોની સંખ્યામાં મોટી ઘટ રહેવા પામી હતી. મોબાઈલ લેબોરેટરી વાનોનો ઈષ્ટતમ રીતે ઉપયોગ કરવામાં આવ્યો ન હતો. નમૂનારૂપ ચકાસણી કરાયેલ વસવાટોમાં ગ્રામ પંચાયતો (GPs) તથા મલ્ટી પરપઝ હેલ્થ વર્કર્સ (MPHWs) દ્વારા પાણીની ગુણવત્તાના પરીક્ષણ માટેની ફીલ્ટ ટેસ્ટ કીટ્સનો ઉપયોગ કરાયો ન હતો.*
- *રાજ્યમાં કોઈ જ વસવાટો ગુણવત્તાથી પ્રભાવિત ન હોવાનો ગુજરાત સરકારનો દાવો સાચો ન હતો. રાજ્યમાં લગભગ 10 ટકા વસવાટો ને પીવાલાયક પાણીના કોઈ જ સ્ત્રોત ઉપલબ્ધ ન હતાં.*

- ***નમૂનારૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓમાં RWSS કે જેમાં વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સ (WTPs) માં પ્રક્રિયા કર્યા બાદ પાણી પૂરું પાડવામાં આવે છે, તેના મારફત પુરાં પડાયેલા પાણી સિવાય તમામ જળસ્ત્રોતો માટે બેકટેરીયોલોજીકલ-જીવાણુલક્ષી પરીક્ષણ કરવામાં આવતું ન હતું.***
- ***ઓડિટમાં સંશોધન અને વિકાસ (R&D) યોજનાઓ અંતર્ગત GWSSB તથા નમૂનારૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓ દ્વારા અનિયમિત ખર્ચની નોંધણી કરાઈ હોવાનું WASMO દ્વારા વણવપરાયેલ ભંડોળો પરત ન કરાયાં હોવાનું તેમજ ગ્રામ-પંચાયતો દ્વારા વોટર ચાર્જિસની ચુકવણી ન કરાતી હોવાનું જોવા મળ્યું હતું.***
- ***પૂર્ણ કરાયેલ યોજનાઓની સમયાંતરે દેખરેખ થતી ન હતી.***

### *2.1.1 પ્રસ્તાવના*

પાણી એ રાજ્યનો વિષય છે અને ન્યૂનત્તમ માત્રામાં પીવાલાયક પાણીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાની જવાબદારી રાજ્ય સરકારની છે. ગુજરાતમાં 185 નદી-વિસ્તારો આવેલા છે અને રાજ્ય માં ઉપલબ્ધ પાણીની માત્રા 55,608 મીલીયન ક્યુબીક મીટર[1]ની છે.

ઓગષ્ટ 2018 ની સ્થિતિએ રાજ્યમાં 17,843 ગામડાંઓ આવેલા છે, જેમાંથી લગભગ 12,840 ગામડાંઓ (72 ટકા) ને ગુજરાત સરકાર દ્વારા અમલીકૃત પાણી-પૂરવઠા યોજનાઓ મારફત પેય-જળ પુરૂં પાડવામાં આવતું હતું. આ 12,840 ગામડાંઓમાંથી 8,947 ગામડાંઓ (70 ટકા) ને નર્મદા કેનાલ આધારિત યોજનાઓ/કાર્યક્રમો હેઠળ આવરી લેવામાં આવેલ છે. અને 3,893 ગામડાંઓ (30 ટકા) ને અન્ય જળસ્ત્રોત[2] આધારિત પાણી-પૂરવઠા યોજનાઓ હેઠળ આવરી લેવામાં આવેલ છે.

ઈન્ટીગ્રેટેડ મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ[3] (IMIS) પર ઉપલબ્ધ વિગતો અનુસાર તારીખ 01 એપ્રિલ 2018ની સ્થિતિએ 41.91 ની ઓલ-ઈન્ડીયા સ્તરની ટકાવારી સામે ગુજરાતના 91.11 ટકા વસવાટોને પાઈપ વડે પાણી પૂરવઠા (PWS) ની સુવિધા ઉપલબ્ધ હતી.

પાણીની ખેંચવાળા તેમજ પાણીની ગુણવત્તા બાબતે અસરયુક્ત વિસ્તારો ઉપર ખાસ કરીને ધ્યાન કેન્દ્રીત કરતી ગ્રામ્ય પાણી-પૂરવઠા યોજનાઓ (RWSSs)ના અમલીકરણ માટે રાજ્ય સરકારોને અનુદાન આપવા માટે ભારત સરકાર (GoI) એ રાષ્ટ્રીય ગ્રામ્ય પેય-જળ કાર્યક્રમ[4] (NRDWP) શરૂ કર્યો હતો (એપ્રિલ 2009). પાણી પૂરવઠા સંબંધિત વિવિધ કામો, ભૂગર્ભ-જળ રિચાર્જિંગના કામો, પાણીની ગુણવત્તા જાળવવા ના હેતુથી વોટર-ટેસ્ટીંગ લેબોરેટરીઝની સ્થાપના કરવી, વિગેરે હાથ ધરીને પાણી પૂરવઠા માટે આવરી લેવાના બાકી/અંશતઃ રીતે આવી લેવાયેલ/આવીરી લીધા બાદ છુટી ગયેલ/પાણીની ગુણવત્તા બાબતો અસરયુક્ત વસવાટો (ફળિયાઓ)ને[5] પૂર્ણ રીતે આવરી લેવાયેલ વસવાટો (ફળિયાઓ)નાં[6] તબદીલ કરવા માટે NRDWPમાં અગ્રતા આપવામાં આવે છે.

---

1 ભૂતળ જળ 38,100 મીલીયન ક્યુબીક મીટર તથા ભૂગર્ભ જળસ્ત્રોતો : 17,508 મીલીયન ક્યુબીક મીટર

2 ડેમ, નદીઓ, સિંચાઈ કેનાલો, ભૂગર્ભ-જળ, વિગેરે

3 ગ્રામીણ ભારતમાં પાણી પૂરવઠા યોજનાઓની યથાસ્થિતિ તથા તેમના આવરી લેવાયેલ વ્યાપ ઉપર ઓનલાઈન દેખરેખ રાખવાના હેતુથી ઊભું કરાયેલ પેય-જળ અને સ્વચ્છતા મંત્રાલય (MoDWS) દ્વારા અમલીકૃત વેબ-આધારિત પ્લેટફોર્મ

4 એક્સીલરેટેડ ગ્રામ્ય પાણી-પૂરવઠા યોજનાની અનુગામી

5 **આવરી લેવાના બાકી વસવાટ** એ એક એવો વસવાટ છે કે જેને સરકાર દ્વારા પેય-જળનો પૂરવઠો ક્યારેય પુરો પાડવામાં આવ્યો નથી અથવા તો દરરોજ માથાદીઠ 10 લીટર (lpcd) કરતાં ઓછું પાણી પુરૂં પાડવામાં આવતું હોય; **અંશતઃ રીતે આવરી લેવાયેલ વસવાટ** એ એક એવો વસવાટ છે કે જેને દરરોજ સરેરાશ 40 lpcd કે તેથી ઓછું પણ 10 lpcd કરતાં વધારે પેય-જળ પુરૂં પાડવામાં આવતું હોય; **છુટી ગયેલ વસવાટ** એ એક એવો વસવાટ છે કે જે એકસમયે પૂર્ણ રીતે 'આવરી લેવાયેલ' હતો, પરંતુ હાલમાં જે અંશતઃ રીતે આવરી લેવાયેલ છે; **ગુણવત્તા પ્રભાવિત વસવાટ** એ એક એવો વસવાટ છે જ્યાંના પાણીના નમૂનાઓમાં લેબોરેટરીઓ દ્વારા પરીક્ષણ કરાતાં આર્સનિક, ફલોરાઈડ, આયર્ન, નાઈટ્રેટ તથા ક્ષારને લગતાં રાસાયણિક દુષણો બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાન્ડર્ડસ દ્વારા નિર્ધારિત સ્વીકાર્ય મર્યાદાઓ કરતાં અધિક પ્રમાણમાં જોવા મળેલ હોય.

6 **પૂર્ણ રીતે આવરી લેવાયેલ વસવાટ** એ એક એવો વસવાટ છે કે જ્યાંના ઘરરહીશને દરરોજ સરેરાશ 40 lpcd જેટલો કે તેનાથી વધારે માત્રામાં પેય-જળ 100 મીટર સુધીના અંતરે જ પુરૂં પાડવામાં આવતું હોય.

NRDWP ની માર્ગદર્શિકાઓ અનુસાર ગુજરાત સરકારે 'નેશનલ પોલિસી ફ્રેમવર્કસ' ના આધારે 'જળનીતિ-2015'નો મુસદો તૈયાર કર્યો હતો (ફેબ્રુઆરી 2015). જો કે આ નીતિનું આખરીકરણ કરવાનું હજુ (મે 2019) બાકી હતું.

વર્ષ 2013-18 દરમિયાન ગુજરાત સરકારે NRDWP ઉપરાંત ગ્રામ્ય પાણી પૂરવઠા કાર્યક્રમ (RWSP), જળ સંરક્ષણ તથા પાણીનો બગાડ અટકાવવા માટેની યોજના, મુખ્યમંત્રી મહીલા પાણી સમિતિ પ્રોત્સાહન યોજના, વિગેરે જેવી રાજ્ય પુરસ્કૃત પાણી પૂરવઠા યોજનાઓ (WSSs) ને પણ અમલમાં મૂકી હતી.

### *2.1.2 સંસ્થાકીય માળખુ*

રાજ્યમાં ગ્રામ્ય પેય-જળ પાણી પૂરવઠા કાર્યક્રમોના અમલીકરણની જવાબદારી પાણી-પૂરવઠા વિભાગ (WSD) ની છે. WSD નું સંસ્થાકીય માળખું તેમજ વિવિધ કાર્યક્રમોના અમલીકરણમાં સંકળાયેલ તેની હેઠળ કાર્યરત એજન્સીઓના કામકાજને સંક્ષિપ્તમાં **આલેખ-1** માં દર્શાવવામાં આવેલ છે.

**આલેખ-1**




**(i) GWSSB** બલ્ક પાઈપલાઈનમાંથી કુદરતી પાણી મેળવે છે અને ગામોના ભૂગર્ભ ટાંકા સુધી પીવાલાયક પાણી પુરૂ પાડવાં જુથ વિતરણ યોજનાઓના કામો હાથ ધરે છે. તે વિભાગીય પાણી પૂરવઠા યોજનાઓ (RWSSs), વ્યક્તિગત પાણી પૂરવઠો યોજનાઓ (IVWSSs) મીની પાઈપ પાણી પૂરવઠા યોજનાઓ તથા હેન્ડ પમ્પ યોજનાઓને અમલીકૃત કરે છે. ગુજરાત જલસેવા તાલિમ સંસ્થા (GJTI) તેમજ જિલ્લા તથા તાલુકા સ્તરે આવેલી તેની વોટર ટેસ્ટીંગ લેબોરેટરીઝ પણ GWSSB ના તાબાં હેઠળ કાર્યરત છે.

**(ii) WASMO** 'આંતરિક ગ્રામ પાણી પૂરવઠા યોજના' તથા 'મીની પાઈપ પાણી-પૂરવઠા યોજના' હેઠળ વિતરણ પાઈલપાઈન નાખીને ઘરગથ્થુ જોડાણો તેમજ સ્ટેન્ડ-પોસ્ટ દ્વારા પાણી પૂરવઠો પૂરો પાડે છે. WASMO આ પ્રવૃત્તિઓનું આયોજન કરે છે તેમજ લોકભાગીદારી અંતર્ગત પાણી સમિતિઓની રચના કરીને આ પ્રવૃત્તિઓના અમલીકરણ ઉપર દેખરેખ રાખે છે.

**(iii) GWIL** નર્મદા કેનાલના પાણીના આંતર જિલ્લા સ્તરે બલ્ક વોટર ટ્રાન્સમીશન માટેની બલ્ક પાઈપલાઈન નાખે છે તથા તેની જાળવણી કરે છે.

### *2.1.3 ઓડિટના ઉદ્દેશો*

કામગીરી ઓડિટના વ્યાપક ઉદ્દેશો એ તપાસવાનાં હતાં કે-

- ભારત સરકાર/ગુજરાત સરકાર દ્વારા નક્કી કરાયેલ લક્ષ્યાંકો પ્રાપ્ત કરવાં માટે તેમજ વસવાટ સ્તરે પેય-જળની ઉપલબ્ધતા તથા તેનો પુરતો વ્યાપ આવરવા માટે યોગ્ય આયોજન કરવામાં આવ્યું હતું;
- યોજનાઓનું અમલીકરણ તેમજ ભંડોળોનો વપરાશ અસરકારક તથા કાર્યક્ષમ હતાં; અને
- વિવિધ ગ્રામ્ય પેય-જળ પાણી પૂરવઠા યોજનાઓના અસરકારક અમલીકરણ તેમજ દેખરેખ રાખવા માટે જરૂરી સંસ્થાકીય માળખું પ્રવર્તમાન હતું.

### *2.1.4 ઓડિટના માપદંડ*

કામગીરી ઓડિટ માટે અપનાવાયેલ ઓડિટ માપદંડોના મુખ્ય સ્ત્રોતો નીચે મુજબ હતાં-

- MoDWS, ભારત સરકાર દ્વારા જારી કરાયેલ વ્યૂહાત્મક આયોજનો, અધિસૂચનાઓ, આદેશો તથા પરિપત્રો;
- ભારત સરકાર દ્વારા જારી કરાયેલ NRDWP માટેની માર્ગદર્શિકાઓ
- ગુજરાત સરકાર દ્વારા જારી કરાયેલ ગ્રામ્ય પેય-જળ પાણી પૂરવઠા યોજનાઓને લગતાં માર્ગદર્શિકાઓ/મેન્યુઅલ્સ/આદેશો; અને
- ગુજરાત નાણાકીય નિયમો, ગુજરાત પબ્લિક વર્કસ મેન્યુઅલ, પાણી પૂરવઠા તથા ટ્રીટમેન્ટ તેમજ પાણી પૂરવઠા યોજનાઓનાં સંચાલન તથા જાળવણી બાબતે શહેરી વિકાસ-મંત્રાલયના સેન્ટ્રલ પબ્લિક હેલ્થ એન્ડ એનવાયરન્મેન્ટલ એન્જીનીયરીંગ ઓર્ગેનાઈઝેશન (CPHEEO) દ્વારા પ્રકાશિત મેન્યુઅલ્સ.

### *2.1.5 ઓડિટનો વ્યાપ તથા કાર્યપદ્ધતિ*

કામગીરી ઓડિટમાં WSD દ્વારા વર્ષ 2013-18 ના સમયગાળા દરમિયાન હાથ ધરવામાં આવેલી NRDWP સહિત વિવિધ ગ્રામ્ય પેય-જળ પાણી પૂરવઠા કાર્યક્રમોના અમલીકરણ માટેની પ્રવૃત્તિઓને આવરી લેવામાં આવી હતી. ફેબ્રુઆરી 2018 થી ઓગષ્ટ 2018 દરમિયાન ઓડિટ હાથ ધરવામાં આવ્યું હતું.

ઓડિટની શરૂઆતમાં WSD ના અગ્રસચિવ સાથે પ્રારંભિક બેઠક યોજવામાં આવી હતી (ફેબ્રુઆરી 2018), જેમાં ઓડિટના ઊદેશો, ઓડિટના માપદંડો, ઓડિટનો વ્યાપ તથા કાર્યપદ્ધતિની ચર્ચા કરવામાં આવી હતી, તેમજ વિભાગના અભિપ્રાયો મેળવવામાં આવ્યા હતાં. ઓડિટમાં WSD, GWSSB, GWIL, WASMO, GJTI તેમજ નમૂનારૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓ ખાતે નિભાવવામાં આવેલ વર્ષ 2013-18 ના સમયગાળાને લગતા રેકોર્ડસની તપાસણી કરવામાં આવી હતી. ઓડિટમાં વિગતવાર ચકાસણી કરવા માટે રાજ્યનાં 33 જિલ્લાઓમાંથી આઠ જિલ્લાઓની[7] સિમ્પલ રેન્ડમ સેમ્પલીંગ વિધાઉટ રિપ્લેસમેન્ટ પદ્ધતિ (SRSWOR) અપનાવીને પસંદગી કરવામાં આવી હતી. ઓડિટ દ્વારા GWSSB તથા/અથવા WASMOના કર્મચારીઓને સાથા રાખીને પાણી પૂરવઠા માટે ઊભી કરાયેલ અસ્કયામતોની સંયુક્ત રીતે ભૌતિક ચકાસણી તેમજ ઓડિટમાં નમૂનારૂપ ચકાસણી માટે પસંદ કરાયેલ જિલ્લાઓમાં 78 વસવાટોના લાભાર્થી સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યા હતાં. આંકડાકીય માળખાં તેમજ કરાયેલ પસંદગીની વિગતો **પરિશિષ્ટ-IV તથા V** માં આપવામાં આવી છે.

7 (i) ભરૂચ, (ii) દાહોદ, (iii) ડાંગ, (iv) જામનગર, (v) પાટણ, (vi) પોરબંદર, (vii) સાબરકાંઠા તથા (viii) વલસાડ.

ઓડિટના તારણોની ચર્ચા કરવા માટે અગ્રસચિવ, WSD સાથે સમાપન બેઠક યોજવામાં આવી હતી (30 મે 2019). રાજ્ય સરકારના મંતવ્યોને ધ્યાને લઈને તેમને અહેવાલમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા છે.

## ઓડિટના તારણો

### *2.1.6 આયોજન તથા વ્યવસ્થાપન*

#### *2.1.6.1 આયોજન*

- *લાંબા ગાળાનું આયોજન*

પાણી પૂરવઠા ક્ષેત્રને દુષ્કાળ સામે રક્ષણ આપવા તેમજ વર્ષ 2021 સુધીમાં રાજ્યની લગભગ 75 ટકા વસ્તીને[8] પેય-જળ પુરૂં પાડવાના ઉદ્દેશથી લાંબા ગાળાની વ્યુહરચના તરીકે ગુજરાત સરકારે સ્ટેટ વાઈડ વોટર સપ્લાય ગ્રીડ ઊભી કરવા માટે નર્મદા માસ્ટર પ્લાન તૈયાર કર્યો હતો (મે 2013). મે 2013 ની સ્થિતિએ રાજ્યમાં આવેલા 18,066 ગામો અને 242 નગરોની માસ્ટર પ્લાનમાં ઓળખ કરવામાં આવી હતી. ગુજરાત સરકારે ગ્રીડ અંતર્ગત 387 યોજનાઓને અમલીકૃત કરીને વર્ષ 2021 સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન કર્યુ હતું. આમાંથી નર્મદા માસ્ટર પ્લાનના 9,633 ગામો તથા 131 નગરોને આવરી લેતી 174 યોજનાઓ સરદાર સરોવર કેનાલ આધારિત પાણી પૂરવઠા યોજના તેમજ સુજલામ સુફલામ યોજના અંતર્ગત અમલીકૃત થઈ રહી હતી. 5,318 ગામો તથા 15 નગરોને આવરી લેતી ભૂતળ/પેટા-ભૂતળ સ્ત્રોતો આધારિત બાકીની 213 યોજનાઓ RWSP અંતર્ગત અમલીકૃત થઈ રહી હતી. ઓગષ્ટ 2018ની સ્થિતિએ રાજ્યમાં આવેલ 17,843 ગામો[9]માંથી 8,947 ગામોને નર્મદા કેનાલ આધારિત યોજનાઓ/કાર્યક્રમો હેઠળ આવરી લેવામાં આવ્યા છે, જ્યારે 3,893 ગામોને અન્ય સ્ત્રોતો પર આધારિત પાણી પૂરવઠા યોજનાઓ અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે.

સમાપન બેઠક (30 મે 2019) માં અગ્રસચિવે જણાવ્યું હતું કે ભૂગર્ભજળને બદલે ભૂતળ જળ આધારિત તેમજ રાજ્યના તમામ ગામોને પાઈપ વડે પાણી પૂરવઠો પૂરો પાડવા માટે આવરી લેવા માટેનો નવો પ્લાન તૈયાર કરવાની બાબત વિચારણા હેઠળ છે.

- *ટૂંકા ગાળાનું આયોજન*

NRDWPની માર્ગદર્શિકાઓ અનુસાર, મૂળભૂત જરૂરિયાતોને પહોંચી વળવા માટે તેમજ મૂડી રોકાણ સહિત જળ સંશાધનોના વ્યવસ્થાપન અંગેનો નિર્ણયો લેવા માટે ગામ, જિલ્લા તથા રાજ્ય સ્તરે વોટર સિક્યુરીટી પ્લાન્સ (WSPs) તૈયાર કરવાં જરૂરી હતાં. જિલ્લામાં આવેલા ગામોના WSPs ના આધારે જિલ્લા WSP તૈયાર કરવામાં આવે છે, જેના ઉપરથી રાજ્ય WSP તૈયાર થાય છે. WSPમાં વસ્તી-વૈવિધ્ય, ભૌતિક વિશેષતા, જળ-સ્ત્રોતો, પેય-જળનું ઉપલબ્ધ આંતર માળખું, ભંડોળોની ઉપલબ્ધતા, RWSP માટે આવશ્યક ભંડોળ, વિગેરે જેવી માહિતી-વિગતો ને સમાવિષ્ટ કરવામાં આવે છે.

ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે WSP માત્ર એવા ગામો માટે જ તૈયાર કરવામાં આવતો હતો કે જ્યાં WASMO દ્વારા ગ્રામ્ય પેય-જળ WSS હાથ ધરવામાં આવતી હતી. જો કે નમૂના-રૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓએ WSP તૈયાર કર્યો ન હતો, પરંતુ ગુજરાત સરકારે વર્ષ 2012-17 ના સમયગાળા માટેનો પેય-જળ પાણી પૂરવઠા ક્ષેત્રનો રાજ્ય WSP તૈયાર કરેલ હતો. જો કે ત્યારબાદ આવો કોઈ જ પ્લાન તૈયાર કરવામાં આવ્યો ન હતો. મૂળભૂત હાર્દ સ્તરના આયોજનને સમાવિષ્ટ કરતાં જિલ્લા/ગામોના WSPs મેળવ્યા વગર જ રાજ્ય WSP તૈયાર કરવામાં આવ્યો હતો.

8 વસ્તી ગણતરી-2011 મુજબ રાજ્યની વસ્તી 6.04 કરોડ છે, પરંતુ માસ્ટર પ્લાનમાં રાજ્યની વસ્તી વસ્તી-ગણતરી 2001 મુજબ 5.06 કરોડને ધ્યાને લેવામાં આવી હતી.

9 223 ગામો અસ્તિત્વ ધરાવતાં ન હતાં, કેમકે તેમના વિસ્તરણને લીધે તે નગરોમાં સમાવિષ્ટ થઈ ગયાં હોઈ શકે.

NRDWP ની માર્ગદર્શીકાઓ અનુસાર દરેક રાજ્યએ ગ્રામ્ય પેય-જળ ક્ષેત્ર વર્ષ દરમિયાન હાથ ધરવા માટે પ્રસ્તાવિત પ્રવૃતિઓ તેમજ આવી પ્રસ્તાવિત પ્રવૃતિઓના નાણાંકીય ખર્ચ સહિતની વિગતો દર્શાવતો એન્યુલ એકશન પ્લાન (AAP) તૈયાર કરવો જરૂરી હતો. અન્ય વિગતો ઉપરાંત વ્યાપક દિશાનિર્દેશો/ઝોક તેમજ નાણાંકીય વર્ષ દરમિયાન સિદ્ધિ કરવા માટે આયોજન કરવામાં આવેલ ભૌતિક લક્ષ્યાંકોને AAPમાં સમાવિષ્ટ કરવામાં આવે છે.

ઓડિટમાં એવું જણાવ્યું હતું કે સમિક્ષા હેઠળના તમામ વર્ષો દરમિયાન ગુજરાત સરકાર દ્વારા નિયમિત રીતે ભારત સરકારને AAP રજુ કરવામાં આવ્યો હતો. જો કે એવું પણ જોવા મળ્યું હતું કે AAP તૈયાર કરતી વખતે વિવિધ WSSsના અભિસરણની બાબતને ધ્યાનમાં લેવામાં આવતી ન હતી. મહાત્મા ગાંધી નેશનલ રૂરલ એમ્પ્લોયમેન્ટ ગેરેન્ટી સ્કીમ/ઈન્ટીગ્રેટેડ વોટરશેડ મેનેજમેન્ટ પ્રોગ્રામના ભંડોળોમાંથી સ્થિરતાના ઘટક અંતર્ગત પુનઃપ્રભરણ પ્રણાલિઓ/ભૂતળ જળ-રાશિ માળખાં, તળાવોના ડી-સિલ્ટીંગના શ્રમ-મજુરી ખર્ચને પહોંચી વળવા માટે રાજ્યમાં કોઈ જ જોગવાઈ કરવામાં આવી ન હતી. વધુમાં, વસવાટો (ફળિયાઓ)/ઘરોને પીવાલાયક પાણીની ઉપલબ્ધતા વિષે જાણકારી મેળવવા, પીવા માટે તેમજ રસોઈના હેતુસર ઉપયોગમાં લેવાનું પાણી પુરૂં પાડવા માટેના સ્ત્રોતો/ડેલીવરી પોઈન્ટ્સની જાણકારી મેળવીને તેમને હસ્તગત કરવા માટે, નવા સ્ત્રોતોની ઓળખ કરવા, વિગેરે માટે અસરકારક આયોજન માટે જરૂરી એવો કોઈ જ બેઝલાઈન સર્વેક્ષણ કરવામાં આવ્યો ન હતો.

સમાપન બેઠક (30 મે 2019)માં અગ્રસચિવે જણાવ્યું હતું કે હવેથી AAP તૈયાર કરતી વખતે અભિસરણ કરવાના પ્રયાસો કરવામાં આવશે. બેઝલાઈન સર્વેક્ષણની બાબતે એવું જણાવવામાં આવ્યું હતું વર્ષ 2020-21 માટેનો હવે પછીનો AAP બહુવિધ જળસ્ત્રોતોને આવરી લઈને તૈયાર કરવામાં આવી રહ્યો છે, જેથી કોઈ જ ગામ કોઈ એક જ સ્ત્રોત પર આધારિત ન રહે.

### *2.1.6.2 આવરી લેવાયેલ વસવાટો (ફળિયાઓ)નો વ્યાપ*

NRDWPની માર્ગદર્શિકાઓ અનુસાર વસવાટોને આવરી લેવાયેલ વ્યાપનો આધાર વસવાટની અંદર જ કોઈક જાહેર કે સામુહિક સ્ત્રોતથી ઘરના નિર્ધારિત અંતર સુધીમાં મૂળભૂત ન્યુત્તમ માત્રામાં પીવાલાયક પાણી મેળવતાં લોકોની ટકાવારી ઉપર આધાર રાખે છે. NRDWPની માર્ગદર્શિકાઓમાં એવું નિર્ધારિત કરવામાં આવ્યું છે વર્ષ 2017 સુધીમાં ઓછામાં ઓછી 50 ટકા ગ્રામ્ય વસ્તીને તેમના ઘરોનાં પરિસરમાં જ અથવા તો ત્યાંથી 100 મીટરના અંતર સુધીમાં 55 lpcd પીવાલાયક પાણી ઉપલબ્ધ થઈ રહે.

ગુજરાત સરકારે એવો દાવો કર્યો હતો તારીખ 01 એપ્રિલ 2018ની સ્થિતિએ રાજ્યમાં આવેલા તમામ 35,996 વસવાટો ને પૂર્ણ રીતે આવરી લેવામાં આવ્યા હતા. નમૂનારૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓના જિલ્લા પાણી અને સ્વચ્છતા એકમો (DWSU) દ્વારા ઓડિટને પુરી પાડવામાં આવેલી માહિતી અનુસાર નમૂનારૂપ ચકાસણી કરાયેલ 78 વસવાટોમાંથી 41 વસવાટો (53 ટકા) જ પૂર્ણ રીતે આવરી લેવામાં આવ્યા હતા, જ્યારે બાકીના 37 વસવાટોને અંશતઃ રીતે જ આવરવામાં આવ્યા હતાં.

સમાપન બેઠક (30 મે 2019)માં અગ્રસચિવે જણાવ્યું હતું કે વસવાટોને પૂર્ણ રીતે આવરી લેવા માટે જરૂરી પગલાં ભરવામાં આવશે.

### *2.1.6.3 ઘરોને પાઈપ વડે પાણી પૂરવઠો (PWS)*

MoDWS દ્વારા તૈયાર કરાયેલ સ્ટ્રેટેજીક પ્લાન (2011-22)માં એવું નિર્ધારિત કરવામાં આવ્યું હતું કે વર્ષ 2017 સુધીમાં ઓછામાં ઓછા 50 ટકા ગ્રામ્ય વસવાટને PWS થી પાણી પુરૂં પાડવામાં આવે.

IMIS મારફત ગુજરાત સરકારે એવો દાવો કર્યો હતો (જુલાઈ 2018) કે રાજ્યમાં આવેલા 35,996 વસવાટોમાંથી 33,044 વસવાટો (92 ટકા)ને PWS ની સુવિધા ઉપલબ્ધ હતી. નમૂનારૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓના DWSU એ નમૂનારૂપ ચકાસણી કરાયેલ 78 વસવાટોમાં PWSની સુવિધાની સ્થિતિ અંગે પૂરી પાડેલી માહિતી અનુસાર 64 વસવાટો (82 ટકા) માં PWSની સુવિધા ઉપલબ્ધ હતી. જો કે આ 64 વસવાટોમાં અસ્ક્યામતોની એપ્રિલ 2018 થી ઓગષ્ટ 2018 દરમિયાન કરવામાં આવેલી સંયુક્ત ભૌતિક ચકાસણીમાં એવું જોવા મળ્યું હતું કે 32 વસવાટોમાં ભૌતિક ચકાસણીની તારીખે આ સુવિધા બંધ પડેલી જોવા મળી હતી.

સમાપન બેઠક (30 મે 2019)માં અગ્રસચિવે જણાવ્યું હતું કે બિન-કાર્યરત/બંધ પડેલી યોજનાઓને ઓળખી કાઢવાનું કામ પ્રગતિમાં છે અને યોજનાને ફરીથી કાર્યાન્વિત કરવા માટે સુધારાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

### *2.1.7 યોજનાઓનું અમલીકરણ*

ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવેલ દાવા અનુસાર વર્ષ 2017 સુધીમાં સિદ્ધ કરવા જરૂરી એવા લક્ષ્યાંકો જેવા કે ઓછામાં ઓછા 50 ટકા ગ્રામ્ય ઘરોને PWS પુરૂં પાડવામાં આવે, ઓછામાં ઓછા 35 ટકા ગ્રામ્ય ઘરોમાં PWS થી ઘરદીઠ નળ-જોડાણ ઉપલબ્ધ થઈ રહે, જાહેર નળનો ઉપયોગ 20 ટકાથી ઓછા લોકો સુધી જ સિમિત રહે, તેમજ હેન્ડપમ્પ કે અન્ય સલામત તથા પુરતાં ખાનગી જળસ્ત્રોતોનો ઉપયોગ 45 ટકા થી ઓછા લોકો સુધી જ સિમિત રહે, વિગેરે સુનિશ્ચિત કરવાં જેવા લક્ષ્યાંકો રાજ્યએ સિદ્ધ કરી લીધા હતાં.

#### *2.1.7.1 ક્ષેત્રિય પાણી પૂરવઠા યોજનાઓનું અમલીકરણ*

રાજ્યમાં આવેલ 17,843 ગામોમાંથી લગભગ 12,840 ગામો (71.96 ટકા)ને 347 RWSSs મારફત પેય-જળ પુરૂં પાડવામાં આવે છે.

- ***ક્ષેત્રિય પાણી પૂરવઠા યોજનાઓ મારફત પાણી પુરૂં ન પડાયું***

નમૂનારૂપ ચકાસણી કરાયેલ આઠ જિલ્લાઓ દ્વારા નિભાવવામાં આવેલી જિલ્લા-પ્રોફાઈલ અનુસાર તારીખ 31 માર્ચ 2018ની સ્થિતિએ 3,727 ગામોમાંથી 2,352 ગામો[10] (63 ટકા) ને 91 RWSSs હેઠળ આવરી લેવામાં આવ્યા હતાં, જ્યારે બાકીના 1,375 ગામો પાણીના અન્ય સ્ત્રોત ઉપર આધાર રાખતાં હતાં. આ 2,352 ગામોમાંથી 1,587 ગામો[11] (67.47 ટકા) RWSSs મારફત પાણી મેળવતાં હતાં. બાકીના 765 ગામોમાંથી 258 ગામોને[12] યોજના હેઠળ ગામના છેવાડે ઓછું વોટર-પ્રેશર હોવાથી, સપ્લાય નેટવર્કની પાઈપલાઈનમાં ખરાબી હોવાથી, ગામોમાં આંતરિક વિતરણ નેટવર્ક ઊભું ન કરાયું હોવાથી તેમજ જળસ્ત્રોતોમાં અપુરતી જળરાશિ હોવાથી RWSs ની સુવિધા હસ્તગત ન હતી. અન્ય 507 ગામો દ્વારા RWSSs માંથી પાણી લેવામાં આવતું ન હતું, કેમકે ગ્રામ પંચાયતો (GPs) વોટર-ચાર્જિસ ચુકવવા ઈચ્છતી ન હતી. RWSS થકી પાણીનો ઉપયોગ કરવાની આવી અનિચ્છા એવું દર્શાવે છે કે સત્તાધિકારીઓ (WASMO તથા GWSSB) દ્વારા હાથ ધરવામાં આવેલ ઈન્ફોર્મેશન, એજ્યુકેશન તથા કોમ્યુનિકેશન (IEC) ની પ્રવૃતિઓ અસરકારક ન હતી, કેમ કે તેઓ આ ગામો/GPs ના રહીશોને RWSS મારફત ઉપલબ્ધ પ્રક્રિયા કરેલ પીવાલાયક પાણીનો ઉપયોગ કરવા માટે સમજાવવામાં નિષ્ફળ રહ્યા હતાં.

10 ભરૂચ-363, દાહોદ-158, ડાંગ-145, જામનગર-430, પાટણ-516, પોરબંદર-146, સાબરકાંઠા-467 તથા વલસાડ-127.

11 ભરૂચ-220, દાહોદ-117, ડાંગ-143, જામનગર-300, પાટણ-402, પોરબંદર-98, સાબરકાંઠા-190, તથા વલસાડ-117.

12 ભરૂચ-85, દાહોદ-37, ડાંગ-2, જામનગર-23, પાટણ-49, પોરબંદર-18, સાબરકાંઠા-38, તથા વલસાડ-6.

નમૂના-રૂપ ચકાસણી કરાયેલ 78 વસવાટોમાં અસ્ક્યામતોની સંયુક્ત ભૌતિક ચકાસણી (2018 થી ઓગષ્ટ 2018) દરમિયાન ઓડિટને એવું જોવા મળ્યું હતું કે 37 વસવાટો[13] વિવિધ RWSSs હેઠળ આવરી લેવામાં આવ્યા હતાં. આમાંથી 18 વસવાટો[14] RWSSs મારફત પાણી મેળવતાં હતાં, જ્યારે 16 વસવાટો[15] પાણીનો પૂરવઠો ન હોવાથી તેમજ ગામના સમ્પ/ઊંચી ટાંકી (એલિવેટેડ સ્ટોરેજ રિઝરવોયર) (ESRs) સાથે RWSS નું જોડાણ ન થયેલ હોવાથી RWSS મારફત પાણી મેળવતાં ન હતાં. આથી આ વસવાટો ભૂગર્ભજળનો ઉપયોગ કરતાં હતાં, જેની ગુણવત્તા ચકાસણી કરીને સુનિશ્ચિત કરાતી ન હતી. બાકીના ત્રણ વસવાટો[16] RWSS મારફત પુરૂ પડાતું પાણી લેવા ઈચ્છતા ન હતાં. એવું પણ જોવા મળ્યું હતું કે ભરૂચ જિલ્લાના દેવળા ફળિયા (વસવાટ) RWSS માંથી પાણી મેળવતું હતું, પરંતુ જળસ્ત્રોતમાં અપુરતાં પાણીને લીધે 15 થી 20 દિવસના અંતરે પાણી પુરૂ પાડવામાં આવતું હતું. આવી જ રીતે, જામનગર જિલ્લાના રણજીતપર ફળિયા (વસવાટ) RWSS હેઠળ આવરી લેવાયેલ હોવા છતાં ત્યાંના રહીશો સિસ્ટર્ન [17]ની ઊંચાઈ નીચી હોવાના કારણે પાણી મેળવી શકતાં ન હતાં.

GWSSBનાં સંબંધિત ડીવીઝનના EEએ જણાવ્યું હતું (મે 2018 થી જુલાઈ 2018) કે વિવિધ ટેકનીકલ કારણોસર જે ગામો પાણી મેળવી શકતાં નથી તેમને પાણી પુરૂ પાડવા માટે ચાલુ વર્ષના AAPમાં પ્રયાસો કરવામાં આવશે.

સમાપન બેઠક (30 મે 2019) માં અગ્રસચિવે જણાવ્યું હતું કે RWSS મારફત પાણી પૂરવઠામાં રૂકાવટ પેદા કરતી ટેકનીકલ સમસ્યાઓનું નિરાકરણ કરવામાં આવશે.

નમૂનારૂપ ચકાસણી દરમિયાન ઓડિટને તદઉપરાંત એવું જોવા મળ્યું હતું કે-

(i) જગડીયા તાલુકાના 70 ગામોને આવરી લેવા માટેની ₹ 30.48 કરોડની ટેન્ડર કિંમત વાળી ડીસેમ્બર 2010માં શરૂ કરવામાં આવેલ RWSS (રૂંધ રાજપારડી, ભરૂચ) નવેમ્બર 2014 સુધીમાં પૂર્ણ કરવાનું નિર્ધારિત હતું. પરંતુ, એવું જોવા મળ્યું હતું કે ₹ 27.68 કરોડનો ખર્ચ થયા બાદ પણ તેનુ કામ હજુ પ્રગતિમાં જ હતું (જુન 2018), કેમકે યોજના અંતર્ગત ₹ 1.25 કરોડના ખર્ચે બાંધવામાં આવેલ ઈન્ટેક-વેલ ક્ષતિપૂર્ણ ડીઝાઈનને લીધે સ્વીકાર્ય મર્યાદા કરતાં વધુ નમી ગયેલ હતો (ઓકટોબર 2013) કે જે ભવિષ્યમાં ઉપયોગમાં લેવા માટે અયોગ્ય ઠર્યો હતો.

સમાપન બેઠક (30 મે 2019) માં અગ્રસચિવે જણાવ્યું હતું કે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે અને યોજનાને બે મહિનામાં પૂર્ણ કરવામાં આવશે. ઓડિટને એવું જોવા મળ્યું હતું કે યોજના હજુ પણ પૂર્ણ કરવામાં આવી ન હતી (સપ્ટેમ્બર 2019).

(ii) નર્મદા જિલ્લાના ફ્લોરાઈડ-સમસ્યાવાળા 12 ગામોના રહીશોને પીવાલાયક પાણી પુરૂ પાડવા માટે NRDWP અંતર્ગત નર્મદા-નો-સોર્સ RWSS, ભાગ-II ને મંજુરી આપવામાં આવી હતી (મે-2010). ટેન્ડરની શરતો તથા કાર્ય-આદેશ અનુસાર કોન્ટ્રાક્ટરે આ કામ માટેના પાઈપોની ખરીદી GWSSBના મંજુર કરાયેલ વિક્રેતાઓ પાસે થી જ કરવાની હતી. પાઈપ પુરા પાડીને પાઈપલાઈન બિછાવવાનું કામ ₹ 3.73 કરોડના ખર્ચે ઓગષ્ટ 2014 માં પૂર્ણ કરવામાં આવ્યું હતું. આમ છતાં,

13 ભરૂચ-7 માંથી 6, દાહોદ-14 માંથી 0, ડાંગ-11 માંથી 8, જામનગર-5 માંથી 5, પાટણ-9 માંથી 6, પોરબંદર-4 માંથી 4, સાબરકાંઠા-12 માંથી 4 તથા વલસાડ-16 માંથી 4.

14 ભરૂચ-1, ડાંગ-1, જામનગર-3, પાટણ-6, પોરબંદર-4, સાબરકાંઠા-2, તથા વલસાડ-1.

15 ભરૂચ-4, ડાંગ-7, જામનગર-2 તથા વલસાડ-3.

16 ભરૂચ-1 તથા સાબરકાંઠા-2.

17 ડુંગરાળ વિસ્તારોનું પાણી પુરૂ પાડવા માટે ઊભી કરવામાં આવતી જળ-સંગ્રહની ટાંકી/રિઝરવોયર

આ પાઈપો ઓક્ટોબર 2013 થી ડીસેમ્બર 2013 દરમિયાન ક્ષેત્રીય સ્થળે કરાયેલ હાઈડ્રો-ટેસ્ટીંગમાં નિષ્ફળ ગયા હતાં અને વિવિધ સ્થળોએ પાઈપોમાં ચુવાણ (લીકેજીસ) જોવા મળ્યાં હતાં. આથી આખી પાઈપલાઈનનું પૂર્ણપણે હાઈડ્રો-ટેસ્ટીંગ થઈ શક્યું ન હતું. GWSSB એ કોન્ટ્રાક્ટરને બિછાવવામાં આવેલી આખી પાઈપલાઈન બદલવા માટે સૂચના આપી હતી, આમ છતાં એવું કરવામાં આવ્યું ન હતું. આખરે GWSSB એ કોન્ટ્રાકટનો અંત આણ્યો હતો અને ₹ 23.49 લાખની પરફોર્મન્સ ગેરંટી (PG) વટાવી લીધી હતી, તેમજ કોન્ટ્રાક્ટરના રનીંગ એકાઉન્ટ (RA) બીલોમાંથી ₹ 3.27 લાખની લીકવીડેટેડ ડેમેઝીસ (LD) ની રકમ વસૂલી હતી. ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે GWSSBએ આ કામ પૂર્ણ કરવા માટે કોઈ જ કાર્યવાહી કરી ન હતી, જેના પરિણામે ગામવાસીઓને પીવાલાયક પાણી પૂરાં પાડવાનો ઉદ્દેશ સિદ્ધ થયો ન હતો.

સમાપન બેઠક (30 મે 2019) માં અગ્રસચિવે જણાવ્યું હતું કે આવશ્યક સુધારાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

### *2.1.7.2 અન્ય પાણી પૂરવઠા યોજનાઓનું અમલીકરણ*

ગુજરાતમાં RWSS ઉપરાંત IVWSS, મીની પાઈપ WSSs, આંતરિક ગામ WSSs તથા હેન્ડ પમ્પ યોજનાઓ જેવી અન્ય WSSs પણ અમલીકૃત કરવામાં આવે છે.[18]

- ***બિન કાર્યરત પાણી પૂરવઠા યોજનાઓ ઓછી નોંધાવવામાં આવી.***

જુન-2018 માટેના IMIS ડેટા અનુસાર ગુજરાત સરકારે એવું નોંધાવ્યું હતું કે રાજ્યમાં આવેલી 93,794 WSSs માંથી 2,050 WSSs બિન-કાર્યરત હતી. એપ્રિલ-2018 થી ઓગષ્ટ-2018 દરમિયાન કરાયેલ ઓડિટની પ્રક્રિયામાં નમૂનારૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓના ભૌતિક રેકોર્ડસની તેની સાથે સરખામણી કરતાં એવું જોવા મળ્યું હતું કે બિન-કાર્યરત યોજનાઓને ઓછી નોંધાવવામાં આવતી હતી અથવા તો નોંધાવવામાં આવતી જ ન હતી.નમૂનારૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓમાં DWSUs/ GWSSBના ડીવીઝનોના રેકોર્ડસ અનુસાર નમૂનારૂપ ચકાસણી કરાયેલ આ આઠ જિલ્લાઓમાં 377 યોજનાઓ બિન-કાર્યરત હતી. આમ છતાં, IMISમાં માત્ર 76 યોજનાઓ (20 ટકા) જ બિન-કાર્યરત યોજનાઓ તરીકે નોંધાવવામાં આવી હતી.

આવી જ રીતે, ઓડિટમાં એવું પણ જોવા મળ્યું હતું કે તારીખ 31 માર્ચ 2018 ની સ્થિતિએ GWSSB ના રેકોર્ડસ અનુસાર રાજ્યમાં આવેલા 2,68,181 કાર્યરત તથા 14,975 બિન-કાર્યરત હેન્ડ પમ્પ્સની સામે IMISમાં માત્ર 5,785 કાર્યરત તથા 86 બિન-કાર્યરત હેન્ડ પમ્પ્સ જ નોંધાયેલ હતાં.

નમૂનારૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓના DWSUs (WASMO) એ આ હકીકતો સ્વીકારતાં એવી ખાતરી આપી હતી કે તેને યથાસમયમાં સુધારી લેવામાં આવશે. GWSSBએ એવું જણાવ્યું હતું કે ક્ષેત્રિય ઓફિસો દ્વારા IMIS હેન્ડ પમ્પ્સની વિગતો ભૂલથી ખોટી રીતે દાખલ કરવામાં આવી હતી. વધુમાં એવી પણ ખાતરી આપવામાં આવી હતી કે દાખલ કરી ચુકાયેલા વિગતોને ભારત સરકારના IMIS સત્તાધિકારીઓ સાથે પરામર્શ કરીને સુધારી લેવામાં આવશે.

- ***આંતરિક ગ્રામ WSS/IVWSS***

નમૂનારૂપ ચકાસણી કરાયેલ આઠ જિલ્લાઓના DWSUs/GWSSBના ડીવીઝનો દ્વારા નિભાવવામાં રેકોર્ડસ અનુસાર 6,346 આંતરિક ગ્રામ WSSs/IVWSSs હતી[19] (માર્ચ 2018). આમાંથી 139 આંતરિક

---

18 હેન્ડ પમ્પ યોજના સિવાયની ઉપરોક્ત યોજનાઓને સામુહિક રીતે પાઈપ વડે પાણી પૂરવઠા (PWS) યોજના કહેવામાં આવે છે.

19 ભરૂચ-843, દાહોદ-986, ડાંગ-500, જામનગર-756, પાટણ-551, પોરબંદર-251, સાબરકાંઠા-868, તથા વલસાડ-1591.

ગ્રામ WSSs/IVWSSs[20] (2.19 ટકા) બિન-કાર્યરત નોંધાવવામાં આવી હતી (એપ્રિલથી ઓગષ્ટ 2018). વધુમાં, રેકોર્ડસ અનુસાર, નમૂનારૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓમાં નમૂનારૂપ ચકાસણી કરાયેલ 78 વસવાટોમાં 49 આંતરિક ગામ WSSs/IVWSSs અને આ તમામ કાર્યરત તરીકે નોંધાવવામાં આવી હતી. આમ છતાં, નમૂનારૂપ ચકાસણી કરાયેલ આ 78 વસવાટોમાં અસ્ક્યામતોના સંયુક્ત ભૌતિક ચકાસણી (એપ્રિલ 2018 થી ઓગષ્ટ 2018)માં ઓડિટને રેકોર્ડ ઉપર કાર્યરત યોજનાઓ તરીકે નોંધાયેલ હોવા છતાં 16 આંતરિક WSSs/IVWSSs (32.65 ટકા) બિનકાર્યરત-બંધ પડેલી જોવા મળી હતી.

ઉપરોક્ત ઓડિટ અવલોકન એવા પ્રકારનું છે કે જે ઓડિટની નમૂનારૂપ ચકાસણી કરાયેલ ન હોય એવાં અન્ય જિલ્લાઓમાં જોવા મળી શકે છે. તમામ આંતરિક ગ્રામ WSSs/IVWSSs કાર્યરત બની રહે તે સુનિશ્ચિત કરવા વિભાગે/સરકારે આવા તમામ કિસ્સાઓની આંતરિક રીતે તપાસ કરવી જોઈએ.

WASMO/GWSSBની સંસ્થાકીય તથા ટેકનિકલ સહાયથી આંતરિક ગામ IVSSsના સંચાલનની જવાબદારી સંબંધિત GPs/પાણી સમિતિઓની હતી. આમ છતાં, WASMO/GWSSB દ્વારા કોઈ જ પ્રયાસો કરવામાં આવ્યા ન હતાં, કેમ કે આ યોજનાઓના સંચાલન તથા જાળવણી માટે ન તો કોઈ IECની પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી હતી કે ન તો કોઈ ટેકનિકલ માર્ગદર્શન પુરૂં પાડવામાં આવ્યું હતું.

ઓડિટ એવી ભલામણ કરે છે કે રાજ્ય સરકારે બિન-કાર્યરત પાણી પૂરવઠા યોજનાઓની ઓળખ કરીને તેમને કાર્યાન્વિત કરવી જોઈએ.

- ***મીની પાઈપલાઈન યોજનાઓ***

ગુજરાતમાં અનુસુચિત જનજાતિઓની વસ્તી મોટે ભાગે ડુંગરાળ તેમજ જંગલ વિસ્તારોમાં કેન્દ્રિત થયેલી જોવા મળે છે. આ વિસ્તારોમાં આવેલા વસવાટો નાના-નાના તેમજ ઘણાં જ અંતરે છુટાછવાયા ફેલાયેલા હોય છે. અવરોધક ડુંગરાળ ધરાતલ ને લીધે આ વિસ્તારોમાં RWSS ને અમલીકૃત કરવાનું મુશ્કેલ હોય છે, અને તેથી ભૂગોલીય રીતે આવી છુટીછવાઈ વસ્તીને પેય-જળ પુરૂં પાડવા માટે મીની પાઈલાઈન WSSs[21] ને અમલીકૃત કરવામાં આવી હતી, તેમજ હેન્ડ પમ્પ્સ સ્થાપવામાં આવ્યા હતાં. સંચાલન અને જાળવણીના પાંચ વર્ષના સમયગાળા દરમિયાન મીની યોજનાઓની મરામત અને જાળવણીની જવાબદારી કોન્ટ્રાક્ટરોની હતી; અને જો કોઈ કારણસર યોજના કાર્યરત સ્થિતિમાં ન હોય, તો કોન્ટ્રાક્ટરે કોઈ જ અધિક ચુકવણી વિના જ ટેન્કર દ્વારા જરૂરી માત્રામાં પીવાલાયક પાણી પુરૂં પાડવાનું હતું. નમૂનારૂપ ચકાસણી કરાયેલા આઠ જિલ્લાઓમાંથી પાંચ જિલ્લાઓમાં[22] મીની યોજનાઓ અમલીકૃત હતી. રેકોર્ડ અનુસાર, નમૂનારૂપ ચકાસણી કરાયેલાં આ પાંચ જિલ્લાઓમાં 1,474 મીની યોજનાઓ[23] આવેલી હતી (માર્ચ 2018).

આમાંથી ભરૂચ જિલ્લામાં GWSSB દ્વારા અમલીકૃત માત્ર 239 મીની યોજનાઓ જ બિન-કાર્યરત નોંધાવવામાં આવી હતી (એપ્રિલ 2018 થી ઓગષ્ટ 2018). વધુમાં રેકોર્ડસ અનુસાર (એપ્રિલ 2018 થી ઓગષ્ટ 2018), નમૂનારૂપ ચકાસણી કરાયેલ 78 વસવાટોમાં 16 મીની યોજનાઓ આવેલી હતી,

20 ભરૂચ-9, દાહોદ-10, ડાંગ-34, જામનગર-2, પાટણ-0, પોરબંદર-0, સાબરકાંઠા-39, તથા વલસાડ-45.

21 150 થી 250ની વસ્તી ધરાવતા વસવાટો માટે આ યોજનાઓ અમલીકૃત હતી, અને આ કામના ઘટકોમાં 150 મીટર સુધીની ઊંડાઈ ધરાવતાં બોરવેલ ઉપર સિંગલ ફેઝ પાવરના પમ્પની સ્થાપના, 5000 થી 10000 લીટરની ક્ષમતાવાળી જળસંગ્રહની PVC કે કોન્ક્રીટની ટાંકી તથા એક કે તેથી વધુ સ્ટેન્ડ પોસ્ટ માટેની વિતરણ લાઈનનો સમાવેશ થાય છે.

22 જામનગર, પાટણ તથા પોરબંદર જિલ્લાઓ સિવાયના

23 ભરૂચ-285 (GWSSB ની 239 તથા WASMO ની 46), દાહોદ-420 (GWSSB ની 203 તથા WASMOની 217), ડાંગ-GSWSSBની 125, સાબરકાંઠા-245 (GWSSBની 110 તથા WASMOની 135) અને વલસાડ-399 (GWSSBની 380 તથા WASMOની 19)

જે તમામ કાર્યરત તરીકે નોંધાવવામાં આવી હતી. આમ છતાં, નમૂનારૂપ ચકાસણી કરાયેલ 78 વસવાટોમાં અસ્ક્યામતોની સંયુક્ત ભૌતિક ચકાસણી (એપ્રિલ 2018 થી ઓગષ્ટ 2018) દરમિયાન 12 મીની યોજનાઓ બંધ પડેલી જોવા મળી હતી, કે જે રેકોર્ડસ અનુસાર કાર્યરત યોજનાઓ તરીકે નોંધાવવામાં આવેલી હતી.

ઉપરોક્ત ઓડિટ અવલોકન એવા પ્રકારનું છે કે જે ઓડિટની નમૂનારૂપ ચકાસણી કરાયેલ ન હોય એવા અન્ય જિલ્લાઓમાં જોવા મળી શકે. વિભાગે/સરકારે બંધ પડેલી આવી તમામ યોજનાઓની તપાસ કરવી જોઈએ અને તેમની પુનઃસ્થાપના માટે જરૂરી સુધારાત્મક પગલાં ભરવાં જોઈએ.

સમાપન બેઠક (30 મે 2019) માં અગ્રસચિવે જણાવ્યું હતું કે બિનકાર્યરત બંધ પડેલી યોજનાઓને ઓળખી કાઢવાનું કામ પ્રગતિમાં છે અને યોજનાને પુનર્જિવીત કરવા માટે સુધારાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

### *2.1.7.3 પડતી મૂકાયેલ યોજનાઓ*

NRDWPની માર્ગદર્શીકાઓ અનુસાર આંતરિક ગામ યોજના માટે દરેક ગામે લોકભાગીદારીના ભાગરૂપે યોજનાની અંદાજિત કિંમતના 10 ટકા રકમ જમા કરાવવાની રહેશે, સિવાય કે જનજાતિ ગામો કે જ્યાં જનજાતિ વિભાગ દ્વારા આ રકમ ભોગવવાની હોય છે.

નમૂનારૂપ ચકાસણી કરાયેલ આઠ જિલ્લાઓ માટે વર્ષ 2013-18ના સમયગાળામાં મંજુર કરાયેલી 1,597 આંતરિક ગ્રામ યોજનાઓ [24]માંથી 77 યોજનાઓ[25] બાદમાં પડતી મુકવામાં આવી હતી. પડતી મુકાયેલી આ 77 યોજનાઓમાંથી 22 યોજનાઓ[26] (29 ટકા) લોકભાગીદારીના અપુરતા ફાળાને લીધે કે આવો ફાળો બિલકુલ નહીં મળવાના કારણ કે ગામવાસીઓમાં આંતરિક વિગ્રહના કારણે પડતી મૂકવામાં આવી હતી. બાકીની 55 યોજનાઓ[27] સ્ત્રોતની નિષ્ફળતા (53), પાણી સમિતિ દ્વારા કામની શરૂઆત કરવામાં વિલંબ (1) તથા જમીનની ઉપલબ્ધતા ન હોવાના કારણે પડતી મૂકવામાં આવી હતી. ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે જ્યાં પહેલા નક્કી કરાયેલ સ્ત્રોત નિષ્ફળ ગયા હતાં ત્યાં WASMO એ યોજનાઓ માટે વૈકલ્પિક સ્ત્રોત ખોળી કાઢયાં ન હતાં. વધુમાં, અન્ય કિસ્સાઓમાં આ યોજનાઓ અમલીકૃત બની શકે તે માટે સંકળાયેલ સમસ્યાઓનું નિરાકરણ લાવવા રહીશો ને સમજાવવા માટે WASMO એ અસકારક IEC પ્રવૃત્તિઓ હાથ ધરી ન હતી. આમ, પડતી મૂકાયેલી/નિષ્ફળ રહેલી યોજનાઓને પુનર્જિવિત કરવા માટે WASMO એ વધુ સઘન પ્રયાસો કરવાની આવશ્યકતા છે.

સમાપન બેઠક (30 મે 2019) માં અગ્રસચિવે આ બાબતે આવશ્યક કાર્યવાહી કરવા માટે ખાતરી આપી હતી.

- ***NGOs દ્વારા કામ કરવામાં ન આવ્યું***

દાહોદ જિલ્લાના 31 ગામોને પીવાલાયક પાણી પુરૂં પાડવાના ઉદ્દેશથી EE (GWSSB) એ ₹ 4.40 કરોડની અંદાજિત કિંમતવાળી 31 WSSs નું કામ બે NGOs[28] ચાર મહિનાની મુદત સુધીમાં પૂર્ણ કરવાની શરતે સોંપ્યું હતું (ઓગષ્ટ-2012). માર્ગદર્શિકાઓની જોગવાઈઓ વિરૂધ્ધ EEએ ₹ 1.26

24 ભરૂચ-328, દાહોદ-370, ડાંગ-129, જામનગર-86, પાટણ-103, પોરબંદર-28, સાબરકાંઠા-254 તથા વલસાડ-299

25 દાહોદ-25, જામનગર-7, પાટણ-4, પોરબંદર-6, સાબરકાંઠા-30 તથા વલસાડ-5.

26 દાહોદ-1, જામનગર-7, પાટણ-4, પોરબંદર-6, સાબરકાંઠા-1 તથા વલસાડ-3

27 દાહોદ-24, સાબરકાંઠા-28, તથા વલસાડ-1 (સ્ત્રોતની નિષ્ફળતા); સાબરકાંઠા-1 (શરૂઆત કરવામાં વિલંબ) તથા વલસાડ-1 (જમીનની સમસ્યા)

28 કબીર ટ્રસ્ટ, ગાંધીનગર-13 WSSs (₹ 2.17) કરોડ તથા નવજાગૃતિ સાર્વજનિક ટ્રસ્ટ, ગાંધીનગર-18 WSSs (₹ 2.23 કરોડ)

કરોડ[29]ની રકમ NGOs ને એડવાન્સ તરીકે છુટી કરી હતી. ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે એક NGO (કબીર ટ્રસ્ટએ ₹ 50.50 લાખનું કામ કર્યા બાદ કામ છોડી દીધું હતું (2014-15), જ્યારે અન્ય NGO એ કોઈ જ કામ કર્યુ ન હતું. GWSSBએ આ NGOsને વારંવાર એડવાન્સની રકમ પરત કરવા સૂચનાઓ જારી કરી હતી, પરંતુ તેઓએ આવું કરવાનું નકાર્યુ હતું અને અંતે સંબંધિત EE તથા આ NGOs વિરૂધ્ધ કોર્ટ-કેસ દાખલ કરવાની સુચનાઓ જારી કરી હતી (માર્ચ 2015). આમ છતાં, એવું જોવા મળ્યું હતું કે માત્ર NGOsની વિરૂધ્ધ જ કોર્ટ કેસ દાખલ કરવામાં આવ્યો હતો, જેનું પરિણામ હજાું આવવાનું બાકી હતું અને લક્ષ્યાંકિત રહીશોને પીવાલાયક પાણી પુરૂં પાડવા માટે આ કામો પૂર્ણ કરાવવા માટે કોઈ જ કાર્યવાહી કરવામાં આવી ન હતી.

સમાપન બેઠક (30 મે 2019) માં અગ્રસચિવે જણાવ્યું હતું કે EE વિરૂધ્ધ વિભાગીય કાર્યવાહી કરવામાં આવી છે. જો કે વિભાગ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીની કોઈ જ વિગત ઓડિટને હજાુ સુધી પુરી પાડવામાં આવી નથી.

- *છોડી દીધેલાં કામ*

દાહોદ જિલ્લામાં ઝાલોદ તાલુકાના છ ગામો/ફળિયાઓ[30] માટેની WSS નું કામ GWSSB એ ₹ 64.69 લાખની અંદાજિત કિંમતે એક એજન્સીને જુન 2011 સુધીમાં પૂર્ણ કરવાની શરતે સોંપ્યું હતું (ડીસેમ્બર 2010). ચકાસણીમાં એવું ઊજાગર થયું હતું કે એજન્સીએ[31] માર્ચ-2012 સુધીમાં ₹ 48.28 લાખની કિંમત જેટલું કામ હાથ ધર્યા બાદ આ કામ છોડી દીધું હતું. કોન્ટ્રાક્ટર દ્વારા આ કામ છોડી દેવા માટેના કારણો રેકોર્ડ્સ પર નોંધાયેલ ન હતાં, ઘણાં સ્મૃતિપત્રો જારી કરવા છતાંય એજન્સીએ આ કામ ફરીથી શરૂ ન કરવાને લીધે, ડેપ્યુટી EEએ કોન્ટ્રાક્ટ રદ કરીને એજન્સીને ભલામણ કરી હતી (સપ્ટેમ્બર 2014). ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે એજન્સીએ માત્ર એક જ ગામ (સંજેલી) નું કામ પૂર્ણ કર્યુ હતું, જ્યારે બાકીના પાંચ ગામોના કામ એજન્સીએ કામ છોડી દીધા બાદ છ વર્ષો કરતાં પણ વધુ સમય વિતવા છતાં અપૂર્ણ પડી રહયાં હતાં. આ એવું દર્શાવે છે કે વિભાગ થકી કે અન્ય કોઈ એજન્સીને રોકીને કામ પૂર્ણ કરાવવાં માટે GWSSB દ્વારા પુરતાં પગલાં ભરવામાં આવ્યાં ન હતાં; જેને પરિણામે આ પાંચ ગામોના રહીશો યોજનાની લાભોથી વંચિત રહ્યાં હતાં.

સમાપન બેઠક (30 મે 2019)માં અગ્ર સચિવે હકીકતોની ચકાસણી કરીને આવશ્યક કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી.

### *2.1.7.4. જળસંગ્રહની ઊંચી ટાંકીઓ તથા જમીનતળની ટાંકીઓ વણવપરાયેલી પડી રહી*

જળસંગ્રહની ઊંચી ટાંકીઓ (ESR) એ PWS યોજનાઓનું એક અભિન્ન અંગ છે. GWSSB તથા WASMO દ્વારા પુરી પડાયેલી માહિતીમાં એવું જણાવાયું હતું કે નમૂનારૂપ ચકાસણી કરાયેલ આઠ જિલ્લાઓમાં 212 ESRs આવેલી હતી (ઓગષ્ટ 2018). GWSSB/WASMO દ્વારા એવું પણ જણાવાયું હતું કે તેમાંથી નમૂનારૂપ ચકાસણી કરાયેલ પાંચ જિલ્લાઓમાં આવેલા 26 ESRs[32] (WASMO દ્વારા બાંધવામાં આવેલ 21 તથા GWSSB દ્વારા બાંધવામાં આવેલા પાંચ) જે તે તારીખે ઉપયોગમાં લેવામાં આવી રહયા ન હતાં. તેમને ઉપયોગમાં ન લેવા માટે (i) જળસ્ત્રોતની નિષ્ફળતા

29 કબીર ટ્રસ્ટ, ગાંધીનગર ₹ 82.00 લાખ તથા નવજાગૃતિ સાર્વજનિક ટ્રસ્ટ, ગાંધીનગર-₹ 43.70 લાખ

30 (i) નીમેવરોડ (ગામતળ), (ii) રળિયાતી ભરૂ (ગામતળ), (iii) મૂંડાહેળા (તળાવ ફળિયા), (iv) કરાઢ (કાળી મહુડી), (v) ભામેલા (ડામોર) તથા (vi) સંજેલી (ભગત ફળિયા)

31 મેસર્સ આર. એમ. પટેલ, દાહોદ.

32 દાહોદ-4, જામનગર-2, પાટણ-12, સાબરકાંઠા-6 તથા વલસાડ-2

(ii) આંતરિક પાઈપલાઈનમાં ખરાબી, (iii) તેમનો ઉપયોગ કરવા માટે VWSCsની અનિચ્છા, (iv) ESRમાં જળસંગ્રહ કરવાને બદલે જળસ્ત્રોતમાંથી જ સીધેસીધું પાણી પૂરૂં પાડવું, વિગેરે જેવા કારણો જણાવવામાં આવ્યા હતાં. ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે આ ESRs નો ઉપયોગ થાય એ સુનિશ્ચિત કરવા માટે બન્ને GWSSB તેમજ WASMO દ્વારા કોઈ જ સુધારાત્મક પગલાં લેવામાં આવ્યા ન હતાં.

પસંદ કરાયેલ વસવાટોમાં અસ્ક્યામતોની સંયુક્ત ભૌતિક ચકાસણી (ઓગષ્ટ-2018) દરમિયાન ઓડિટને એવું જોવા મળ્યું હતું કે

- ભરૂચ જિલ્લામાં રૂંધરાજપારડી RWSS અંતર્ગત રાજપારડી તથા ભીમપોર વસવાટો ખાતે ઊભી કરાયેલી બે ESRs અને રાજપારડી તથા માધવપુરા વસવાટો ખાતે બાંધવામાં આવેલી બે જમીન તળની ટાંકીઓ ઉપયોગમાં લેવામાં આવતી ન હતી. આમ, ગામવાસીઓને RWSSના પ્રક્રિયા કરાયેલ પાણીનો લાભ નકારવામાં આવ્યો હતો. આ બાંધકામો ઉપયોગમાં લેવામાં આવતા ન હોવા છતાં GWSSB ના રેકોર્ડસ ઉપર તેમને ઉપયોગમાં લેવામાં આવતાં હોવાનું નોંધાયેલ હતું. આવી જ રીતે, ભોદર ગામમાં RWSS અંતર્ગત બાંધવામાં આવેલી જમીન તળની ટાંકી પણ તેના બાંધકામ થયાના સમયથી જ ઉપયોગમાં લેવામાં આવતી ન હતી, કેમ કે ટાંકીમાં પાણી છોડવા માટે આંતરિક-પ્રવાહ માટના નળની સગવડ ઊભી કરવામાં આવી ન હતી. વધુમાં, ગામવાસીઓ પણ RWSS માંથી પાણી લેવા માટે ઈચ્છુક ન હતાં.
- વલસાડ જિલ્લામાં ઉબરગાંવ પૂર્વ RWSS અંતર્ગત ડુંગરી ફળિયા તથા ઘોડીયાવાડ વસવાટો (GP-ટુંભ, ઉબરગાંવ તાલુકા)માં બાંધવામાં આવેલા ESRs તથા જમીનતળની ટાંકીઓ તેમના બાંધકામ થયાંના સમયથી જ ઉપયોગમાં લેવામાં આવતાં ન હતાં, કેમકે વિતરણ-નેટવર્ક ઊભું કરવાનું હજુ પણ બાકી હતું. (ઓગષ્ટ-2018). આ બાંધકામો ઉપયોગમાં લેવામાં આવતાં ન હોવા છતાં GWSSBના રેકોર્ડસ ઉપર તેમને ઉપયોગમાં લેવામાં આવતાં હોવાનું નોંધાયેલું હતું.

ઉપરોક્ત ઓડિટ અવલોકનો એવા પ્રકારના છે કે ઓડિટની નમૂનારૂપ ચકાસણી કરાયેલ ન હોય એવા અન્ય વસવાટોમાં પણ જોવા મળી શકે છે. ઊભા કરાયેલ બાંધકામો પાણી-પૂરવઠા માટે કાર્યરત બની રહે તે સુનિશ્ચિત કરવા માટે વિભાગે/સરકારે આવા તમામ કિસ્સાઓની આંતરિક રીતે તપાસ કરવી જોઈએ.

DWSU, હિંમતનગર (સાબરકાંઠા જિલ્લો) એ જણાવ્યું હતું કે ESR ને જોડતી પાઈપલાઈનો માટે વર્ષ 2018-19 ના એન્યુઅલ એકશન પ્લાનમાં જોગવાઈ કરવામાં આવી છે અને DWSCની મંજુરી મેળવ્યા બાદ કામ હાથ ઉપર લેવામાં આવશે. વધુમાં એવું પણ જણાવવામાં આવ્યું હતું કે ત્યારબાદ ESR ને ઉપયોગમાં લેવામાં આવશે. DWSU, વલસાડે જણાવ્યું હતું કે ગામના આંતરિક રસ્તા પહોળા કરવાની કામગીરીમાં વિતરણ પાઈપલાઈનો ને ક્ષતિ પહોંચી હતી, જેની વર્ષ 2018-19 દરમિયાન મરામત કરવામાં આવશે. નમૂનારૂપ ચકાસણી કરાયેલ બાકીના જિલ્લાઓના જિલ્લા-સત્તાધિશોએ નજીકના ભવિષ્યમાં ESR ને ઉપયોગમાં લેવા માટેની ખાતરી આપી હતી.

### *2.1.7.5 ગ્રામ્ય શાળાઓ તથા આંગણવાડીઓમાં પેય-જળની સુવિધાઓ*

- ***ગ્રામ્ય શાળાઓમાં પેય-જળની સુવિધાઓ***

વર્ષ 2017 સુધીમાં સિદ્ધ કરવાના NRDWP ના લક્ષ્યાંકોમાં તમામ સરકારી શાળાઓમાં સલામત પેય-જળની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાનો લક્ષ્યાંક પણ સામેલ હતો. શિક્ષણ વિભાગે રાજ્યમાં આવેલી

ઓળખ કરીને નિયત કરાયેલી એવી 2,920 પ્રાથમિક શાળાઓ કે જ્યાં પેય-જળના કોઈ ચોક્કસ જળસ્ત્રોતો ઉપલબ્ધ ન હતાં, તેમને પેય-જળની સુવિધા પુરી પાડવાનું નક્કી કર્યુ હતું (જુલાઈ 2015). WASMO એ શાળાઓનું સર્વેક્ષણ હાથ ધર્યુ હતું (2015-16) અને તેમાં એવું જણાયું હતું કે આ 2,920 શાળાઓમાંથી 1,921 શાળાઓ પાસે પેય-જળના કોઈ ચોક્કસ સ્ત્રોત ઉપલબ્ધ ન હતાં. તદ્અનુસાર, ₹ 12.00 કરોડનું ભંડોળ (2015-17) આ 1,921 શાળાઓમાં પેય-જળની સવિધા પુરી પાડવા માટે WASMO ને છુટું કરવામાં આવ્યું હતું.

ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે WASMO એ 1,384 શાળાઓમાં આ કામ પૂર્ણ કરી લીધું હતું તથા બે શાળાઓમાં કામો પ્રગતિમાં હતાં (ફેબ્રુઆરી 2019). જો કે ફેબ્રુઆરી 2019ની સ્થિતિએ બાકીની 535 શાળાઓમાં જળસ્ત્રોતનું આખરીકરણ ન થવાના કારણે કોઈ જ કામ હાથ ધરવામાં આવ્યું ન હતું.

સમાપન બેઠક (30 મે 2019) માં અગ્ર સચિવે જણાવ્યું હતું કે બાકીની શાળાઓને વહેલામાં વહેલી તકે આવરી લેવામાં આવશે.

- ***આંગણવાડીઓમાં પેય-જળની સુવિધાઓ***

NRDWP ની માર્ગદર્શિકાઓ એવું નિર્ધારિત કરે છે કે રાજ્ય સરકારોએ અગ્રતાના ધોરણે આંગણવાડીને પેય-જળની સુવિધાઓ પુરી પાડવી જોઈએ. નમૂનારૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓમાં પસંદ કરાયેલ વસવાટોની આંગણવાડીઓની સંયુક્ત ભૌતિક ચકાસણી (એપ્રિલ 2018 થી 2018) દરમિયાન ઓડિટને એવું જોવા મળ્યું હતું કે નમૂનારૂપ ચકાસણી કરાયેલ 32 GPsમાં આવેલી 116 આંગણવાડીઓમાંથી 43 આંગણવાડીઓ (37.07 ટકા) માં પેય-જળની સુવિધા ઉપલબ્ધ ન હતી. એવું પણ જોવા મળ્યું હતું કે 116 આંગણવાડીઓમાંથી 62 આંગણવાડીઓમાં અલ્ટ્રા વાયોલેટ (UV)/રીવર્સ ઓસ્મોસિસ (RO) વોટર પ્યોરીફાયર સિસ્ટમો પુરી પાડવામાં આવી હોવા છતાં PWS, ઈલેક્ટ્રીક જોડાણ, પાણીની સુવિધા, ઊંચી પાણીની ટાંકી, વિગેરેની અનઉપલબ્ધતાને કારણે 47 સિસ્ટમો કાર્યરત ન હતી.

સમાપન બેઠક (30 મે 2019)માં અગ્રસચિવે જણાવ્યું હતું કે બાકીની આંગણવાડીઓને વહેલામાં વહેલી તકે આવરી લેવામાં આવશે.

### *2.1.8 પાણીની ગુણવત્તા માટેનું આંતર માળખું*

બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાન્ડર્ડ્ઝ (BIS) દ્વારા નિર્ધારિત કરાયેલ માપદંડોને MoDWS દ્વારા યુનિફોર્મ ડ્રીકીંગ વોટર ક્વોલિટી મોનીટરીંગ પ્રોટોકોલ (UDWQMP) તૈયાર કરવામાં અનુસરવામાં આવતાં હતાં. આ પ્રોટોકોલ ગ્રાહકોને સલામત પેય-જળનું પુરૂં પાડવાનું સુનિશ્ચિત કરવા મોટ પેય-જળની ગુણવત્તા ઉપર દેખરેખ રાખવા માટેની ચોક્કસ આવશ્યકતાઓનું વર્ણન કરે છે.

#### *2.1.8.1 પાણીની ગુણવત્તાના ટેસ્ટીંગ માટેના આંતરમાળખાની ઉપલબ્ધતા.*

NRDWP તથા UDWQMPની માર્ગદર્શિકાઓ રાજ્ય, જિલ્લા તેમજ તાલુકા સ્તરે વોટર ક્વોલિટી ટેસ્ટીંગ લેબોરેટરીઝની સ્થાપના કરવાનું નિર્ધારિત કરે છે. રાજ્યમાં GJTI ખાતે એક રાજ્યકક્ષાની લેબોરેટરી (SLL) તરીકે નામાંકિત સેન્ટ્રલ લેબોરેટરી, 32 જિલ્લા કક્ષાની લેબોરેટરીઝ (DLLs) તથા 47 તાલુકા કક્ષાની લેબરોટરીઝ (TLLs) આવેલી હતી.

- ***રાજ્યકક્ષાની લેબોરેટરી***

NRDWP તથા UDWQMP ની માર્ગદર્શિકાઓ એવું નિર્ધારિત કરે છે કે SLLમાં પાણીની ગુણવત્તા માટેના ચોક્કસ ભૌતિક, રાસાયણિક તેમજ માઈક્રોબાયોલોજિકલ માપદંડોના પરિપૂર્ણ વ્યાપના વિશ્લેષણ કરવા માટેની સુવિધા ઉપલબ્ધ હોવી જોઈએ અને તેણે પાણીની ગુણવત્તા અંગેની ચોક્કસ કે નવી/ઉદ્ભવતી સમસ્યાઓના વિશ્લેષણ માટે સ્ટેટ રેફરલ ઈન્સ્ટીટ્યૂટ (SRI) તરીકે કાર્ય કરવું જોઈએ. SLLએ DLLs તથા TLLs દ્વારા ગુણવત્તાની ખાતરી તેમજ ગુણવત્તા-નિયંત્રણ સુનિશ્ચિત કરવા માટે DLLs તથા TLLs ની કામગીરી પર દેખરેખ રાખવી જોઈએ. વધુમાં, DLLs દ્વારા અયોગ્ય ઠરાવાયેલ નમૂનાઓના પાંચ ટકા જેટલાં નમૂનાઓની SLL એ ફેરચકાસણી કરવી જરૂરી હતી. MoDWS એ GoGને પેય-જળના જળસ્ત્રોતોમાં ભારે ધાતુઓ તેમજ જંતુનાશકોના અવશેષો ના પૃથ્થકરણ માટે એટમિક એબ્ઝોર્બર્શન સ્પેકટોફોટોમીટર તથા હાઈ-પ્રેશર લીકવીડ ક્રોમેટોગ્રાફી, વિગેરે જેવા ઉપકરણો ધરાવતી SLLની સ્થાપના-પ્રક્રિયાને ઝડપી બનાવવા સૂચનાઓ જારી કરી હતી (મે 2013)

ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે ગુજરાત સરકાર SLL-કમ-SRI[33] ની સ્થાપના 2015 માં જ કરી શકી હતી. આમ છતાં, ₹ 4.00 કરોડની અંદાજિત કિંમતના ઉપકરણો/સાધનો હજુ પણ ખરીદ કરવાના બાકી હતાં (મે-2019). ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે ઊંચી કક્ષાના ઉપકરણો/સાધનો ઉપલબ્ધ ન હોવાના કારણે SLL ભારે ધાતુઓ તથા જંતુનાશકોના અવશેષોના પૃથ્થકરણ માટેના ચોક્કસ પરીક્ષણોને બદલે ગાંધીનગર જિલ્લામાં પુરાં પાડવામાં આવતા પાણીના માત્ર સામાન્ય સ્તરના રાબેતા મુજબના પરીક્ષણો જ કરી રહી હતી. વધુમાં, વર્ષ-2013-18ના સમયગાળા દરમિયાન DLLs દ્વારા કરાયેલા પરીક્ષણોની ફેર ચકાસણી કરવા માટે DLLsમાંથી કોઈ જ નમૂનાઓ મંગાવવામાં આવ્યા ન હતાં. આમ, SRI તરીકે કાર્ય કરી શકે તે માટે SLLની સ્થાપના કરવાનો ઉદ્દેશ સિદ્ધ થઈ શક્યો ન હતો.

GJTIના સંયુક્ત નિયામક (સાયન્ટીફીક) એ ચોક્કસ પરીક્ષણો તથા DLLs ના નમૂનાઓની ફેર-ચકાસણી ન કરવા માટે ઉપકરણો/સાધનોની અનઉપલબ્ધતા તેમજ કર્મચારીગણની કમી હોવાના કારણો આગળ ધર્યા હતાં. વળી, એવી પણ ખાતરી આપવામાં આવી હતી કે હયાત કર્મચારીગણને તાલિમ પુરી પાડ્યા બાદ DLLs ના અયોગ્ય ઠરેલા નમૂનાઓની ફેરચકાસણી કરવામાં આવશે.

GJTI એ DLLs દ્વારા અયોગ્ય ઠેરવાયેલા નમૂનાઓની ફેર-ચકાસણી કરવા માટે યાદચ્છિક રીતે અટકળે 12 DLLs પસંદગી કરવાની સૂચનાઓ જારી કરી હતી (2017-18). ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે DLLsએ અયોગ્ય જણાયેલ જળસ્ત્રોતોમાંથી 249 નમૂનાઓની ફેરચકાસણી જે-તે સ્ત્રોતમાંથી નવાં નમૂનાઓ લઈને જ કરી હતી. જો કે આવી ફેરચકાસણીના પરિણામો **પરિશિષ્ટ-VI** માં દર્શાવ્યા મુજબ મૂળ ચકાસણીના પરિણામોથી વિસ્તૃત રીતે જુદા જણાયાં હતાં, આ એવું દર્શાવે છે કે DLLs દ્વારા હાથ ધરવામાં આવેલ પરીક્ષણો વિશ્વનીય ન હતાં.

સમાપન બેઠક (30 મે 2019) માં અગ્રસચિવે જણાવ્યું હતું કે SLL માટે સાધનોની ખરીદી પ્રગતીમાં છે. વધુમાં, એવું પણ જણાવવામાં આવ્યું હતું કે ગાંધીનગરની DLL ને કલોલ તાલુકાની TLLમાં તબદીલ કરવામાં આવી છે તથા ગાંધીનગર જિલ્લામાં પુરાં પાડવામાં આવતા પાણીના નમૂનાઓનું પરીક્ષણ TLL, કલોલ ખાતે કરવામાં આવી રહ્યું છે.

- ***જિલ્લા તથા તાલુકા કક્ષાની વોટર ટેસ્ટીંગ લેબોરેટરીઝ***

UDWQMP અનુસાર DLLs તથા TLLs એ તેમના કાર્યક્ષેત્ર હેઠળના જળસ્ત્રોતોના પેય-જળની ગુણવત્તાની દેખરેખ રાખવા IS 19500-2012 અંતર્ગત નિર્ધારિત પેય-જળના જળસ્ત્રોમાં ફીઝીયો-

33 ગાંધીનગર ખાતે GJTI પરિસર

કેમીકલ તથા માઈક્રો-બાયોલોજિકલ માપદંડોના પૃથ્થકરણ કરવાં જોઈએ. આ લેબોરેટરીઓએ પરીક્ષણ-પિરણામોને હિસ્સેદારો[34] સાથે વહેંચીને ગ્રામ્ય વિસ્તારોમાં પાણીની ગુણવત્તા અંગે જાગૃતિ ફેલાવવી જોઈએ.

ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે રાજ્યમાં આવેલા 245 તાલુકાઓની સામે ગુજરાત સરકારે આજ દિન સુધી 47 TLLsની સ્થાપના કરેલ હતી (ફેબ્રુઆરી 2019). આમ, રાજ્યના 198 તાલુકાઓમાં પાણીની ગુણવત્તાના પરીક્ષણ માટે કોઈ જ લેબોરેટરી ન હતી, કે જેથી આવાં પરીક્ષણ સંબંધિત DLLs દ્વારા કે પછી નજીકના તાલુકામાં આવેલી TLLs દ્વારા કરવામાં આવતાં હતાં. NRDWP ની માર્ગદર્શીકાઓ એવું નિર્ધારિત કરે છે કે TLLના અયોગ્ય ઠરેલા નમૂનાઓના 10 ટકા જેટલા નમૂનાઓની ફેરચકાસણી સંબંધિત DLLs દ્વારા કરવી જોઈએ, આમ છતાં ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે TLLs દ્વારા અયોગ્ય[35] ઠરાવાયેલા પાણીના નમૂનાઓની ફેર ચકાસણી કોઈ જ DLL દ્વારા કરવામાં આવતી ન હતી.

GJTIના સંયુક્ત નિયામક (સાયન્ટીફીક) એ જણાવ્યું હતું કે DLLsમાં આવશ્યક આંતરમાળખું પ્રસ્થાપિત કર્યા બાદ ફેર ચકાસણી કરવામાં આવે છે.



**ચિત્ર ૧: DLL, હિંમતનગરમાં પરિક્ષણ માટે મળેલ પાણીના વિવિધ નમૂનાઓ (25-04-2018)**

NRDWPની માર્ગદર્શિકાઓમાં એવી પણ જોગવાઈ છે કે દરેકે દરેક જળસ્ત્રોતનું વર્ષમાં એક વાર રાસાયણિક માપદંડો માટે તેમજ બે વાર બેકટેરીયોલોજિકલ માપદંડો માટે એટલે કે એકવાર ચોમાસા પહેલાંના સમયગાળા દરમિયાન તથા એકવાર ચોમાસા બાદ પરીક્ષણ કરવાનું રહેશે. ફેબ્રુઆરી 2018ની સ્થિતિએ રાજ્યમાં 5,78,866 જળસ્ત્રોતો આવેલા હોવાનું નોંધાયેલ હતું. ધોરણો અનુસાર વર્ષ 2017-18 દરમિયાન પાણીના ઓછામાં ઓછા 5,78,866 નમૂનાઓનું રાસાયણિક માપદંડો માટે તેમજ પાણીના 11,57.732 નમૂનાઓનું બેકટેરિયોલોજિકલ માપદંડો માટે પરીક્ષણ થયેલ હોવા જોઈએ. આમછતાં, ઓડિટને GJTI દ્વારા પુરી પડાયેલ માહિતી ઉપરથી એવું જોવા મળ્યું હતું કે રાસાયણિક માપદંડો માટે માત્ર 1,86,431 નમૂનાઓ (32 ટકા) નું જ તેમ જ બેકટેરિયોલોજિકલ માપદંડો માટે માત્ર 1,23,771 નમૂનાઓનું (11 ટકા) જ વર્ષ 2017-18 દરમિયાન પરીક્ષણ કરવામાં આવ્યું હતું. પરીક્ષણ કરવામાં રહેલી આવી ઘટ માટે રાજ્યમાં આવેલી TLLs અપૂરતી હોવાનું કારણ આગળ ધરવામાં આવ્યું હતું.

તદ્ઉપરાંત, ઓડિટમાં એવું પણ જોવા મળ્યું હતું કે UDWQMP અનુસાર સામાન્ય પૃથ્થકરણ માટે નમૂનાની માત્રા નોન-એસીડીફાઈડ પાત્રમાં બે લીટરની હોવી જોઈએ, જ્યારે બેકટેરિયોલોજિકલ પૃથ્થકરણી માટે નમૂનાની માત્ર સ્ટરીલાઈઝડ બોટલમાં 250 ml ની હોવી જોઈએ. GJTI એ જણાવ્યું હતું કે સામાન્ય રીતે રાજ્યમાં આવેલી લેબોરેટરીઓ રાસાયણિક પરીક્ષણ માટે પોલિથીલીન પાત્રોમાં એક લીટરની માત્રામાં અને માઈક્રોબાયોલોજિકલ પરીક્ષણ માટે સ્ટરીલાઈઝડ બોટલોમાં 300 ml ની માત્રામાં નમૂનાઓ એકઠા કરતાં હોય છે. આમ છતાં, નમૂનારૂપ ચકાસણી કરાયેલ DLLsની મુલાકાત દરમિયાન એવું જોવા મળ્યું હતું કે ફેંકી દેવાયેલ વપરાયેલી ઠંડા પીણાની તથા પેકેજડ પાણીની પ્લાસ્ટીકની બોટલોમાં (**ચિત્ર-1**) પણ નમૂનાઓ એકઠાં કરવામાં આવતાં હતાં. પરિણામે, પરીક્ષણના

34 જિલ્લા/રાજ્ય જાહેર આરોગ્ય વિભાગ સહિત તથા ફૂડ સિક્યુરિટિ એક્ટ હેઠળ સ્થાપવામાં આવેલી/પ્રસ્તાવિત અન્ય લેબોરેટરીઓ, વિગેરે સાથે પણ

35 વર્ષ 2013-18 ના સમયગાળા દરમિયાન પાણીના 1,46,546 નમૂનાઓ

પરિણામો ખોટાં તારણોનું જોખમ ધરાવતાં હતાં. DLL હિંમતનગરના લેબોરેટરી આસીસ્ટન્ટે ઉપયોગમાં લેવાના પાત્રના પ્રકારે વિષેના અજ્ઞાનનો સ્વીકાર કર્યો હતો.

સમાપન બેઠક (30 મે 2019) માં અગ્રસચિવે જણાવ્યું હતું કે DLLs તથા TLLsના સઘનીકરણ માટે આવશ્યક કાર્યવાહી કરવામાં આવશે.

- *મોબાઈલ લેબોરેટરીઝ*

NRDWP અંતર્ગત પાણીની ગુણવત્તા, તેની દેખરેખ તથા સર્વેક્ષણના કામને સઘન બનાવવા માટે ગુજરાત સરકારે ₹ 1.55 કરોડના ખર્ચે છ મોબાઈલ લેબોરેટરી વાનો ખરીદી હતી (જાન્યુઆરી 2014). આમાંથી પાંચ વાનો સંબંધિત જિલ્લાની DLL દ્વારા ઉપયોગમાં લઈ શકાય તે માટે GWSSBની પાંચ ઝોનલ ઓફિસો[36]ને ફાળવવામાં આવી હતી, અને બાકીની એક વાન GJTI ને ફાળવવામાં આવી હતી. આ વાનોના સંચાલન માટે જરૂરી કર્માચારીગણને આઉટસોર્સ કરીને બહારથી રોકવાના હતાં.

ઓડિટમાં એવું જોવા મળ્યું હતું DLLs દ્વારા મોબાઈલ વાનોનો **કોષ્ટક-1**માં દર્શાવ્યા મુજબ ઈષ્ટત્તમ ઉપયોગ થઈ રહ્યો ન હતો.

**કોષ્ટક-1 પાંચ DLLs દ્વારા મોબાઈલ વાનોના ઉપયોગની વિગતો**

| ઝોનલ ઓફિસ | ઉપયોગ ન કરવા માટેના કારણો |
|---|---|
| વડોદરા | ડ્રાઈવર તથા કેમીસ્ટના અભાવે જાન્યુઆરી 2016 થી ઉપયોગમાં લેવાતી નથી |
| અમદાવાદ | વચગાળાના સમય ગાળાઓમાં એપ્રિલ 2017 સુધી ઉપયોગમાં લેવાતી હતી. ત્યારબાદ કેમીસ્ટના અભાવે ઉપયોગમાં લેવાતી નથી. |
| રાજકોટ | વચગાળાના સમયગાળાઓમાં માર્ચ 2018 સુધી ઉપયોગમાં લેવાતી હતી. |
| ભુજ | વચગાળાના સમયગાળાઓમાં જાન્યુઆરી 2017 સુધી ઉપયોગમાં લેવાતી હતી. ત્યારબાદ કેમીસ્ટના અભાવે ઉપયોગમાં લેવામાં આવતી નથી. |
| જુનાગઢ | વચગાળાના સમયગાળાઓમાં ફેબ્રુઆરી 2018 સુધી ઉપયોગમાં લેવાતી હતી. ત્યારબાદ ઉપકરણો/સાધનોના અભાવે ઉપયોગમાં લેવામાં આવતી નથી. |

**(સ્ત્રોત : GJTI દ્વારા પુરી પડાયેલ માહિતી)**

GJTI પાસે રહેલી મોબાઈલ વાનના કિસ્સામાં ઓડિટને એવું જોવા મળ્યું હતું કે 25 મહિનાઓ સુધી વચગાળાના સમયગાળામાં વાન ઉપયોગમાં લેવામાં આવતી હતી. ઓડિટ દ્વારા લેવામાં આવેલ ક્ષેત્રીય મુલાકાત (એપ્રિલ 2018) દરમિયાન એવું જોવા મળ્યું હતું કે વાનમાંથી તમામ ઉપકરણો/સાધનો દૂર કરવામાં આવ્યાં હતાં અને તેમને SLLના મકાનમાં રાખવામાં આવ્યા હતાં. વધુમાં, વાનની આંતરિક પરિસ્થિતિ ક્ષતિયુક્ત જોવા મળી હતી. આ એવું દર્શાવે છે કે વાનના પરીક્ષણો કરવા માટે ઉષ્ટત્તમ ઉપયોગ થઈ રહ્યો ન હતો, અને આ વાનોની ખરીદી માટે કરવામાં આવેલ ખર્ચ વિફળ રહ્યો હતો.

સમાપન બેઠક (30 મે 2019) માં અગ્રસચિવે જણાવ્યું હતું કે મોબાઈલવાનો થકી નિયમિત રીતે પરીક્ષણો થાય તે સુનિશ્ચિત કરવામાં આવશે.

36 અમદાવાદ, ભુજ, જુનાગઢ, રાજકોટ તથા વડોદરા.

### 2.1.8.2 લેબોરેટરીઓમાં માનવ-બળ.

મિનીસ્ટ્રી ઓફ ડ્રીંકીંગ વોટર એન્ડ સેનીટેશન, ભારત સરકાર દ્વારા જારી કરાયેલ યુનિફોર્મ ડ્રીંકીંગ વોટર ક્વોલિટી મોનીટરીંગ પ્રોટોકોલ (UDWQMP)માં વિવિધ કક્ષાની લેબોરેટરીઓ માટે આવશ્યક કર્મચારીગણની એક સૂચિત યાદી નિર્ધારિત કરવામાં આવી છે. ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે ગુજરાત સરકારે SLL, DLLs તથા TLLs માટે કોઈ જ જગ્યા મંજુર કરેલ ન હતી. આ લેબોરેટરીઓમાં મોટાભાગના કર્મચારીગણની આઉટસોર્સીંગ કરીને ભરતી કરવામાં આવી હતી.

UDWQMP અનુસાર સૂચિત યાદીની સામે તારીખ 31 માર્ચ 2018ની સ્થિતિએ ઉપલબ્ધ કર્મચારીગણની વિગતો નીચે આપેલા **કોષ્ટક-2**માં દર્શાવવામાં આવી છે.

**કોષ્ટક-2 : UDWQMP અંતર્ગત સૂચિત કર્મચારીગણની સામે લેબોરેટરીઓમાં ઉપલબ્ધ કર્મચારીગણની વિગતો**

| રાજ્યમાં આવેલી લેબોરેટરીઓના નામ | UDWQMP અનુસાર સૂચિત કર્મચારીગણની સંખ્યા | ઉપલબ્ધ કર્મચારીગણની સંખ્યા | ઘટ |
|---|---|---|---|
| રાજ્યકક્ષાની લેબોરેટરી | 14 | 12 | 02 |
| જિલ્લા કક્ષાની લેબોરેટરીઓ | 256 | 196 | 60 |
| તાલુકા કક્ષાની લેબોરેટરીઓ | 376 | 209 | 167 |

(સ્ત્રોત : GJTI દ્વારા પુરી પડાયેલી માહિતી)

UDWQMP વધુમાં એવું પણ સૂચિત કરતાં હતાં કે દરેક લેબોરેટરીમાં વોટર એનાલિસ્ટ/કેમીસ્ટની ઓછામાં ઓછી એક નિયમિત જગ્યા તો હોવી જ જોઈએ. ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે ગુજરાત સરકારે આ માટે કોઈ જ નિયમિત જગ્યા મંજુર કરેલ ન હતી. આઉટસોર્સથી ભરતી કરાયેલ કર્મચારીઓ દ્વારા જ કેમીસ્ટ/એનાલિસ્ટની કામગીરી કરવામાં આવી રહી હતી.

જરૂરી સંખ્યામાં પાણીના નમૂનાઓના પરીક્ષણો માટેના નિર્ધારિત લક્ષ્યાંકો સિદ્ધ ન થવામાં કર્મચારીગણની ઘટ તેમજ TLLsની અનઉપલબ્ધતાએ ઘણો જ ભાગ ભજવ્યો હતો.

ઓડિટનો એવો અભિપ્રાય છે કે ગુજરાત સરકારે વોટર ટેસ્ટીંગ લેબોરેટરીઓ માટે ટેકનિકલ કર્મચારીગણની જરૂરિયાતની સમિક્ષા કરીને ખાલી જગ્યાઓ ભરવી જોઈએ.

### 2.1.8.3 લેબોરેટરીઓ દ્વારા નિર્ધારિત માપદંડોની ચકાસણી ન થઈ.

UDWQMP એવું નિર્ધારિત કરે છે કે SLL એ 76 માપદંડોની ચકાસણી કરવાની રહેશે, DLL એ 34 માપદંડોની ચકાસણી કરવાની રહેશે તથા TLL એ 19 માપદંડોની ચકાસણી કરવાની રહેશે (**પરિશિષ્ટ-VII**). આમ છતાં, આની સામે ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે SLL, DLLs તથા TLL એ અનુક્રમે માત્ર 16, 14 તથા 14 માપદંડોની જ ચકાસણી કરી હતી. આમ, જરૂરી ઉપકરણો/સાધનો તથા રસાયણોના અભાવે, રાજ્યમાં આવેલી કોઈ જ લેબોરેટરીએ નિર્ધારિત માપદંડોના પૂર્ણ સમૂહની ચકાસણી કરેલ ન હતી.

UDWQMP એવું પણ નિર્ધારિત કરે છે કે DLL તથા TLLs એ ફરજિયાત પણે ઓછામાં ઓછા 13 મૂળભૂત માપદંડોની ચકાસણી કરવાની રહેશે, જેમાં અન્યો ઉપરાંત pH, TDS, ટોટલ હાર્ડનેસ, આલ્કલીનીટી, ફલોરાઈડ, કલોરાઈડ, નાઈટ્રેટ, આર્સેનિક, આયર્ન, E-coli, વિગેરે સામેલ છે. આમછતાં, ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે રાજ્યમાં આવેલી કોઈ જ લેબોરેટરી આયર્ન તેમજ આર્સેનિક ને લગતા પરીક્ષણો કરતી ન હતી, કેમકે તેમની પાસે આ માપદંડોના પરીક્ષણ કરવા માટેના જરૂરી ઉપકરણો/સાધનો ન હતાં.

સમાપન બેઠક (30 મે 2019) માં અગ્ર સચિવે જણાવ્યુ હતું કે ભવિષ્યમાં રાજ્યમાં ઓછામાં ઓછા 34 માપદંડોના પરીક્ષણ થાય તે સુનિશ્ચિત કરવામાં આવેશે.

### *2.1.8.4 ફીલ્ડ ટેસ્ટીંગ કીટ્સ (FTKs)*

રાજ્યમાં ગ્રામ્ય જનસમૂહ આધારિત કવોલીટી મોનીટરીંગ એન્ડ સર્વિલન્સ પ્રોગ્રામ અમલમાં મૂકવાના ઉદ્દેશથી WASMO એ 3.14 કરોડ[37]ના ખર્ચે 35,900 FTKs[38] ની ખરીદી કરી હતી (2013-16) આ FTKs DWSUs મારફત GPs (સરપંચ/પાણી સમિતિ/આશા કાર્યકરો) ને તથા પબ્લિક હેલ્થ સબ-સેન્ટર્સના મલ્ટી પરપઝ હેલ્થ વર્કર્સ (MPHW) ને ફાળવવામાં આવી હતી.

નમૂના રૂપ ચકાસણી કરાયેલ 78 વસવાટોમાં 32 GPs માંથી માત્ર 13 GPs[39] જ સબંધિત DWSU પાસેથી 17 FTKs મળેલ હતી. ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે માત્ર એક જ FTK નો ઉપયોગ સાબરકાંઠા જિલ્લાની કમાલપુર GP દ્વારા કરવામાં આવી રહ્યો હતો, જ્યારે બાકીની 12 GPs દ્વારા તેમને પૂરી પાડવામાં આવેલી 16 FTKs (94 ટકા) નો ઉપયોગ કરવામાં આવી રહ્યો ન હતો, અને તેમને હવે ઉપયોગમાં લઈ શકાય તેમ પણ ન હતું, કેમકે આ FTKs નો આવરદાં નો ગાળો માત્ર એક વર્ષનો જ હતો. વધુમાં, નમૂનારૂપ ચકાસણી કરાયેલ 78 વસવાટો માટે MPHWs ને ફાળવવામાં આવેલી 45 FTKs માંથી MPHWs દ્વારા 78 વસવાટોમાંથી 12 વસવાટો માત્ર 12 FTKs નો જ ઉપયોગ કરવામાં આવ્યો હતો. બાકીની 33 FTKs વણવપરાયેલી જ પડી રહી હતી, જેની આવરદાં પૂરી થઈ ગઈ હતી. WASMO/DWSUs દ્વારા નવી FTKs વર્ષ 2016 પછી રીફીલ-સામગ્રી પુરી પાડવામાં આવી ન હતી, જેના કારણે જે FTKs ઉપયોગમાં લેવામાં આવી ન હતી તે પણ વાપરી શકાય તેમ રહી ન હતી. આમ, આ FTKs ની ખરીદી ઉપર કરવામાં આવેલ ખર્ચ બિનફળદાયી નિવડયો હતો.

સમાપન બેઠક (30 મે 2019) માં અગ્ર સચિવે જણાવ્યું હતું કે FTKs ના યોગ્ય ઉપયોગ સુનિશ્ચિત કરવા GP સ્તરે કર્મચારીઓ તથા MPHWS માટે તાલિમ કાર્યક્રમો હાથ ધરવામાં આવશે.

### *2.1.9 પુરાં પડાયેલ પીવાલયક પાણીની ગુણવત્તા*

પેય-જળની ગુણવત્તા માટેના BIS દ્વારા નિર્ધારિત IS 10500:2012 સ્ટાન્ડર્ડસ, કે જેને UDWQMP માં અનુસરવામાં આવે છે, તેમાં બે મર્યાદાઓ નિર્ધારિત હોય છે એટલે કે ઈચ્છનીય મર્યાદા તથા સ્વીકાર્ય મહત્તમ કે અસ્વીકાર માટે કારણરૂપ મર્યાદા. જો કોઈ માપદંડ સ્વીકાર્ય મર્યાદા કરતા વધી જાય, તો તેવા પાણીને માનવ-ઉપયોગ માટે અયોગ્ય ગણવામાં આવે છે. નિયત બેકટરીયા ખાસ કરીને E-coli, વાયરસ વિગેરે ની હાજરી ને લીધે જો પાણી જીવાણુ જન્ય રીતે દુષિત જણાયું હોય અથવા તો પાણીમાં ફલોરાઈડ, ટોટલ ડીઝોલ્વ્ડ સોલીડ (TDS), આયર્ન, મેંગેનીઝ, આર્સેનિક, નાઈટ્રેટસ વિગેરે જેવા રાસાયણિક દુષણ મહત્તમ સ્વીકાર્ય મર્યાદાઓ[40] કરતાં વધારે જણાય, તો વ્યાપક રીતે એવા પાણી ને પીવાના હેતુ માટે અયોગ્ય ઠેરવવામાં આવે છે.

CGWB ના ડેટા અનુસાર ગુજરાતમાં 20 જિલ્લાઓ ક્ષારના દુષણથી પ્રભાવિત છે, 18 જિલ્લાઓ ફલોરાઈડ, 17 જિલ્લાઓ કલોરાઈડ, છ જિલ્લાઓ આયર્ન તથા 22 જિલ્લાઓ નાઈટ્રેટ ના દુષણથી પ્રભાવિત છે.

---

37 2013-14 :13,000 FTKs માટે 1.36 કરોડ, 2014-15: 3,900 FTKs માટે 0.37 કરોડ તથા 2015-16: 19,000 FTKs માટે 1.41 કરોડ.

38 તે અસલામત પાણી પૂરવઠા સિસ્ટમ ને તરત ઓળખી કાઢવામાં મદદ કરે છે, જેથી ઉપયોગકર્તા ને ઉપયોગમાં લેવામાં આવતાં પાણી વિષે સામાન્ય ખ્યાલ આવે.

39 ભરૂચ જિલ્લો-દેવળા, ભોદર, રાણીપરા તથા રાજપોરડી GPs (એપ્રિલ-2014), ડાંગ જિલ્લો ડોન, ચિચલી, ગવધડ, તથા દાહર GPs (મે-જૂન-2014), સાંબરકાંઠા જિલ્લો - કમાલપુર GP (ફેબ્રુઆરી-2016) અને વલસાડ જિલ્લો - મોટીધોળ ડુંગરી, પીપળપાડાં, ટુંભ તથા મરોળી GPs (જુન-જુલાઈ-2014).

40 ફલોરાઈડ (>1.5mg/લીટર) TDS (>2,000 mg/લીટર), આયર્ન (>0.3 Mg/લીટર), મેંગેનીઝ (>0.3 MG/ લીટર), આર્સેનિક (>0.05 mg/ લીટર), જુન-2015 માં સુધારીત મર્યાદા (>0.01 Mg/ લીટર તથા નાઈટ્રેટ્સ (>45 mg/લીટર).

ઓડિટ ચકાસણીમાં એવું ઉજાગર થયું હતું કે સ્થાનિક સ્ત્રોત આધારિત આંતરિક ગામ PWS યોજનાઓ કે ભૂગર્ભ જળ આધારિત મીની WSSs કે IVWSSs હેઠળ આવરી લેવાયેલ વસવાટોમાં તથા હેન્ડ પમ્પ્સ કે ટયુબ-વેલ થકી પાણી મેળવતાં ગામોમાં પાણીને ગાળવા માટેની કોઈ જ જોગવાઈ ન હતી.

વર્ષ 2016-17 માટેના એન્યુઅલ એકશન પ્લાનમાં ગુજરાત સરકારે એવો દાવો કર્યો હતો કે રાજ્ય હવે ગુણવત્તા અંગે પ્રભાવિત વસવાટોથી મુકત છે, પરંતુ કેટલાંક છુટી ગયેલ વસવાટો નજીકના ભવિષ્યમાં ઉદભવ પામી શકે. ગુજરાત સરકારનો આ દાવો હકીકતે સાચો જણાયો ન હતો, કેમકે વર્ષ 2015-16 દરમિયાન GJTI ની લેબોરેટરીઓ દ્વારા હાથ ધરાયેલ રસાયણિક ચકાસણીમાં 1,30,857 નમૂનાઓમાંથી 20,906 નમૂનાઓ (15.98 ટકા) નિષ્ફળ રહ્યા હતાં. વર્ષ 2016-17 અને 2017-18 માં પણ આવું વલણ જારી રહ્યું હતું, કેમકે 1,22,909 નમૂનાઓમાંથી 19,171 નમૂનાઓ (15,60 ટકા) અને 1,86,431 નમૂનાઓમાંથી 36,427 નમૂનાઓ (19.54 ટકા) રસાયણિક ચકાસણીમાં નિષ્ફળ રહ્યાં હતાં. ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે GJTI ને વર્ષ 2017-18 માં 35,433 વસવાટોના ચોમાસા પૂર્વે સર્વેક્ષણમાં 3,714 વસવાટો (10.48 ટકા) ના સ્ત્રોતો આયોગ્ય જણાયાં હતાં તથા વર્ષ 2017-18 માં આ 35,433 વસવાટોના ચોમાસા બાદના સર્વેક્ષણમાં 3,694 વસવાટો (10.43 ટકા) ના સ્ત્રોતો અયોગ્ય જણયાં હતાં. આ એવું દર્શાવે છે કે રાજ્યમાં લગભગ 10 ટકા વસવાટો ને પીવાલાયક પાણીના કોઈ જ સ્ત્રોત ઉપલબ્ધ ન હતાં.

સમાપન બેઠક (30 મે 2019) માં અગ્ર સચિવે ગુણવતા થી પ્રભાવિત વસવાટોની સંખ્યાને ચકાસણી કરીને આવશ્યક પગલાં લેવા માટેની ખાતરી આપી હતી.

### *2.1.9.1 પીવાલાયક પાણીમાં રાસાયણિક દુષણ*

પીવાનાં પાણીમાં કેટલાક રસાયણોની નિર્ધારિત મર્યાદા કરતાં વધુ માત્રામાં હાજરી મોટી બિમારીનું કારણ બને છે, દા.ત. આર્સનિક થી કેન્સર થાય છે, ફલોરાઈડ થી ફલોરોસિસ થાય છે, નાઈટ્રેટ લોહીની ઓકિસજન હેરફેર કરવાની ક્ષમતા ઘટાડે છે, જેને લીધે મગજને ક્ષતિ પહોંચે છે, આયર્નથી હીમોક્રોમેટોસિસ થાય છે, વિગેરે. ગુજરાત સરકારે ભારત સરકારને એવું જણાવ્યું હતું કે રાજ્ય પાણીની ગુણવત્તા અંગે પ્રભાવિત ન હતું (માર્ચ 2016).

GJTI દ્વારા ઓડિટને પુરી પડાયેલ માહિતી અનુસાર રાજ્યમાં આવેલી લેબોરેટરીઓમાં વર્ષ 2013-18 ના સમયગાળામાં પીવાલાયક પાણીના નમૂનાઓના પરીક્ષણોના પરિણામો **ચાર્ટ-2** માં દર્શાવવામાં આવ્યા છે.

**ચાર્ટ-2: લેબોરીટરીઓમાં પીવાલાયક પાણીના નમૂનાઓના પરીક્ષણના પરિણામો**




(સ્ત્રોત GJTI દ્વારા પુરી પાડાયેલ માહિતી)

ઉપરોકત ચાર્ટ પરથી જોઈ શકાય છે કે વર્ષ 2013-18 ના સમયગાળામાં રાજ્યમાં પરીક્ષણ કરાયેલ પાણીના 6,29,517 નમૂનાઓમાંથી 1,15,224 નમૂનાઓ (18.30 ટકા) રાસાયણિક રીતે અયોગ્ય

જણાયાં હતાં. આમાંથી 27,269 નમૂનાઓ (4.33 ટકા) માં ફ્લોરાઈડની માત્રા અધિક હતી, 74,866 નમૂનાઓ (11.89 ટકા) માં નાઈટ્રેટની માત્રા અધિક હતી, તથા 19, 245 નમૂનાઓ (3.06 ટકા) માં TDS ની માત્રા અધિક હતી.

નમૂનારૂપ ચકાસણી કરાયેલ 78 વસવાટોમાં અસ્કયામતોની સંયુકત ભૌતિક ચકાસણી (એપ્રિલ-2018 થી ઓગષ્ટ-2018) દરમિયાન DLL ના કર્મચારીગણે ઓડિટની હાજરીમાં પાણીના 188 નમૂનાઓ[41] એકઠા કર્યા હતાં. આ નમૂનાઓનાં સંબંધિત DLL દ્વારા રાસાયણિક માપદંડો માટેના પરીક્ષણો કરવામાં આવ્યા હતાં. પરીક્ષણોના પરિણામોમાં એવું ઉજાગર થયું હતું કે મહત્તમ સ્વીકાર્ય મર્યાદા કરતાં વધારે રાસાયણિક દુષણ હોવાના કારણે આ 188 નમૂનાઓમાં 54 નમૂનાઓ[42] (29 ટકા) અયોગ્ય કર્યા હતાં (**પરિશિષ્ટ-VIII**) વધુમાં, એકઠાં કરાયેલ આ નમૂનાઓમાં 40 નમૂનાઓ RWSSs માંથી લેવામાં આવ્યા હતાં, કે જેમાં વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ (WTP) માં પ્રક્રિયા કર્યા બાદ પાણી પુરૂં પાડવામાં આવતું હતું. આ 40 નમૂનાઓમાંથી આઠ[43] (20 ટકા) નમૂનાઓ અયોગ્ય ઠર્યા હતાં.

આમ, ઉપરોક્ત હકીકતો એવું પ્રતિપાદિત કરે છે કે ભારત સરકારને IMIS માં માહિતી પુરી પાડતી વખતે ગુજરાત સરકારે કરેલ એક પણ વસવાટ ગુણવત્તા અંગે પ્રભાવિત ન હોવાનો દાવો સાચો ન હતો.

- ***પીવાના પાણીમાં નાઈટ્રેટ તથા ફ્લોરાઈડનું દુષણ***

પીવાના પાણીમાં નાઈટ્રેટની અધિક માત્રાના કારણે મિથેમોગ્લોબીનેમી નામનો રોગ કે જે શરીરમાં શુદ્ધ ઓકિસજનના આવાગમન કરવાની લોહીની ક્ષમતા ઘટાડે છે; શીશુઓ તથા બાળકોમાં થતો ''બ્લુ બેબી સિન્ડ્રોમ''[44] નો રોગ કે જેમાં શ્વાસ લેવામાં તકલીફ ઊલ્ટી, તથા ઝાડા ની તકલીફો થાય છે. કેટલાંક કિસ્સાઓમાં મૃત્યુ પણ થઈ શકે છે. લાંબાગાળા માટે ફ્લોરાઈડનો અધિક વપરાશના પરિણામે શરીરના વિવિધ કોષો ઉપર ક્ષતિકારક અસર થાય છે. જેમ કે દાંત (ડેન્ટલ ફ્લોરોસિસ), હાડકાં (સ્કેલટલ ફ્લોરોસિસ) તથા મૃદુ કોષો (નોન-સ્કેલટલ ફ્લોરોસિસ). ડેન્ટલ ફ્લોરોસિસ એ એક ઉલટાવી ન શકાય તેવો અફર રોગ છે, જનો ઈલાજમાં જટિલ તેમજ ખર્ચાળ પ્રક્રિયાઓ સામેલ હોય છે. જે ઘણોજ સમય લે છે, તથા તે ગ્રામ્ય વસ્તીને સહેલાઈથી ઉપલબ્ધ પણ નથી હોતો. સ્કેલટલ ફ્લોરોસિસ ના કિસ્સામાં કોઈ જ ચોકકસ ઈલાજ હોતો નથી.

આગળના ફકરામાં દર્શાવ્યા મુજબ, રાજ્યમાં વર્ષ 2013-18 ના સમયગાળા દરમિયાન પરીક્ષણ કરાયેલ નમૂનાઓમાં નાઈટ્રેટ તથા ફ્લોરાઈડનું એકંદર દુષણ અનુક્રમે 11.89 ટકા તથા 4.33 ટકા રહ્યું હતું.રાજ્યમાં નાઈટ્રેટના ઊંચા દુષણવાળા જિલ્લાઓમાં છોટાઉદેપુર, દાહોદ, બનાસકાંઠા, પંચમહાલ તથા વડોદરાનો સમાવેશ થતો હતો. આવી જ રીતે, ફ્લોરાઈડના દુષણથી સૌથી ખરાબ રીતે પ્રભાવિત જિલ્લાઓમાં દાહોદ, છોટાઉદેપુર, પંચમહાલ, બનાસકાંઠા તથા ખેડા જિલ્લાનો સમાવેશ થતો હતો. વર્ષ 2013-18 ના સમયગાળા દરમિયાન પરીક્ષણ કરાયેલ નમૂનાઓ આધારિત નમૂનારૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓમાં નાઈટ્રેટ તથા ફ્લોરાઈડના દુષણની સ્થિતિ **પરિશિષ્ટ-IX** માં દર્શાવવામાં આવી છે.

41 (i) ભરૂચ-21, (ii) દાહોદ-36, (iii) ડાંગ-37, (iv) જામનગર-18, (v) પાટણ-11, (vi) પોરબંદર-14, (vii) સાબરકાંઠા-22, તથા (viii) વલસાડ-29

42 ભરૂચ-5, દાહોદ-17, ડાંગ-2, જામનગર-7, પાટણ-3, પોરબંદર-3, સાબરકાંઠા-16, તથા વલસાડ-1

43 (i) સણોસર-સાબરકાંઠા, (ii) સોનગઢ ફળિયા-સાબરકાંઠા, (iii) પ્રાથમિક શાળા નજીક સોનગઢ-સાબરકાંઠા, (iv) ઉમરા હેડવર્કસ-ભરૂચ, (v) ઠાકોર તલાવડી સબ હેડવર્કસ-ભરૂચ, (vi) દેવળા ફળિયા-ભરૂચ, (vii) દેવળા નવી નાગરી ભરૂચ તથા (viii) પાટી-પાટણ

44 શિશુ તંદુરસ્ત દેખાતું હોય, પરંતુ મોઢા, હાથ તથા પગ આસપાસ બ્લુ થઈ ગયેલ જણાય.

ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે સંયુક્ત ભૌતિક ચકાસણી દરમિયાન એકઠાં કરાયેલ 188 નમૂનાઓમાંથી પાણીના 54 નમૂનાઓ અયોગ્ય ઠર્યા હતાં, જેમાંથી 41 નમૂનાઓ નાઈટ્રેટ/ફ્લોરાઈડ ની મહત્તમ સ્વીકાર્ય મર્યાદા કરતાં અધિક માત્રાને કારણે અયોગ્ય ઠર્યા હતાં. આમ છતાં, આ સ્ત્રોતોમાંથી પાણીનો ઉપયોગ પીવાના હેતુ તથા રસોઈના હેતુ માટે થઈ રહ્યો હતો, કેમકે આ વસવાટો પાસે અન્ય કોઈ વૈકલ્પિક સ્ત્રોત ઉપલબ્ધ ન હતો.

- ***સામૂહિક પાણી શુદ્ધિકરણ પ્લાન્ટ (CWPP)***

માર્ચ-2017 સુધીમાં આર્સેનિક તથા ફ્લોરાઈડ થી પ્રભાવિત નોંધાયેલ હોય તેવા વસવાટોમાં CWPPs ની સ્થાપના કરવા અંગે તમામ રાજ્યોને MoDWS એ સલાહ આપી હતી (ઓકટોબર-2016) આમ છતાં, ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે વર્ષ-2013-18 ના સમયગાળામાં ઉપર ચર્ચા કર્યા મુજબ રાજ્યમાં ફ્લોરાઈડની અધિક માત્રા ને કારણે 27,269 નમૂનાઓ અયોગ્ય ઠર્યા હોવા છતાં પણ ગુજરાત સરકારે વર્ષ-2013-18 ના સમયગાળા દરમિયાન કોઈ જ CWPPs ની ખરીદ કરી ન હતી. આ એવું દર્શાવે છે કે ભારત સરકાર તરફથી સૂચનાઓ મળી હોવા છતાંય ગુજરાત સરકારે તમામ ફ્લોરાઈડ થી પ્રભાવિત સ્ત્રોત/ડેલિવરી પોઈન્ટ ઉપર CWPPs ની સ્થાપના કરી ન હતી.

સમાપન બેઠક (30 મે 2019) માં અગ્ર સચિવે જણાવ્યું હતું કે CWPP સ્થાપિત કરવામાં આવેલ ન હોય તેવા ફ્લોરાઈડ થી પ્રભાવિત વિસ્તારોમાં વૈકલ્પિક જળસ્ત્રોત ની ઉપલબ્ધતા શોધ-ખોળ કરવામાં આવશે.

### *2.1.9.2 પીવાલાયક પાણીમાં બેકટેરીયોલોજીકલ જીવાણુલક્ષી દુષણ*

પીવાના પાણીમાં રહેલ બેકટેરિયોલોજીકલ જીવાણુલક્ષી દુષણ (E-Coli, ટોટલ કોલીફોર્મ) ને કારણે પાણીજન્ય રોગો જેવા કે ઝાડા, ઠંડી ચડી જવી, ચક્કર આવવાં, માથું દુ:ખવું, ઉલ્ટી, પેટમાં બળતરાં, ટાઈફોઈડ, કોલેરા, વિગેરે થાય છે. ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે UDWQMP અનુસાર તમામ જળસ્ત્રોતોનું તમામ માપદંડો માટે દર વર્ષે ઓછામાં ઓછું બે વાર પરીક્ષણ કરવું જરૂરી હતું. આમ છતાં નમૂનારૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓમાં બેકટેરિયોલોજીકલ જીવાણુલક્ષી તપાસણી માટે પાણીના નમૂનાઓ માત્ર એવી RWSSs માંથી જ લેવામાં આવતાં હતાં કે જે GWSSB દ્વારા સંચાલિત તથા તેમની માલિકીની હોય. આંતરિક ગામ યોજનાઓ, મીની યોજનાઓ, સ્થાનિક સંસ્થાઓની યોજનાઓ, વિગેરે જેવા સ્ત્રોતોમાંથી પાણીના નમૂનાઓ લેવામાં આવતાં ન હતાં.

વર્ષ 2013-18 ના સમયગાળા દરમિયાન કરવામાં આવેલ ચોમાસા-પૂર્વેના તેમજ ચોમાસા-બાદના બેકટેરિયોલોજીકલ-જીવાણુલક્ષી પરીક્ષણોમાં એવું ઉજાગર થયેલ હતું કે આ સમયગાળામાં ચકાસણી કરાયેલ 5,58,156 નમૂનાઓમાંથી પાણીના 31,322 નમૂનાઓ (5.61 ટકા) બેકટેરિયોલોજીકલ-જીવાણુલક્ષી માપદંડો માટે અયોગ્ય ઠર્યા હતાં. વર્ષ 2017-18 દરમિયાન રાજયમાં બેકટેરિયોલોજીકલ-જીવાણુલક્ષી ચકાસણી માટે પરીક્ષણ કરાયેલ પાણીના 1,23,771 નમૂનાઓમાંથી 3,494 નમૂનાઓ (ત્રણ ટકા) અયોગ્ય ઠર્યા હતાં.

### *2.1.9.3 અયોગ્ય ઠરેલ સ્ત્રોતો/ડેલિવરી પોઈન્ટ્સની નોંધણી ન કરાવાઈ તેમજ તેમની ઓળખ માટે યોગ્ય માર્કીંગ ન કરાવાયું*

NRDWP ની માર્ગદર્શિકાઓમાં એવી જોગવાઈ છે કે લેબોરેટરીઓએ પોતાના દ્વારા પરીક્ષણ કરાયેલ પાણીના નમૂનાઓના પરિણામો વિષે સંબંધિત સત્તાધિશો (GWSSB, WASMO તથા GP) ને જાણ કરવાની રહેશે. GWSSB તથા WASMO એ પણ પરીક્ષણના પરિણામો વિષે સંબંધિત GP ને જાણ કરવી જરૂરી હતી. જેથી તેઓ અયોગ્ય પાણીના વપરાશમાં રહેલા આરોગ્યલક્ષી જોખમોથી વાકેફ

રહે. વળી, તેઓ સ્ત્રોત/ડેલિવરી પોઈન્ટને તે અસલામત હોવા અંગે જરૂરી માર્કિંગ કરવા માટે પણ જવાબદાર હતા. તદ્ઉપરાંત, RWSS મારફત પુરાં પાડવામાં આવતાં પાણી બાબતે WTPs માં પ્રક્રિયા કર્યા બાદ ગુણવત્તાસભર પાણી પુરૂં પાડવાની જવાબદારી GWSSB ની હતી.

નમૂનારૂપ ચકાસણી કરાયેલ 78 વસવાટોમાં અસ્ક્યામતોનાં સંયુક્ત ભૌતિક ચકાસણી (એપ્રિલ 2018 થી ઓગષ્ટ 2018) દરમિયાન ઓડિટને એવું જાણવા મળ્યું હતું કે વર્ષ 2013-18 દરમિયાન આ વસવાટોમાંથી લેવામાં આવેલ 1400 નમૂનાઓમાંથી 81 નમૂનાઓ[45] લેબોરેટરીઓ દ્વારા અયોગ્ય ઠેરવવામાં આવ્યા હોવા છતાં પણ આ સ્ત્રોતોમાંથી પાણીનો ઉપયોગ ન કરાય તે માટે આ સ્ત્રોતોનું માર્કિંગ કરવામાં આવ્યું ન હતું. તેથી ત્યાંના રહીશો ત્યાંના દુષિત પાણીનો ઉપયોગ કરતાં હતાં અને તેઓ આ બાબતથી વાકેફ પણ ન હતાં. વળી, પરીક્ષણ-પરિણામોની સંબંધિત GPs ને જાણ પણ કરવામાં આવી ન હતી. સંયુક્ત સર્વેક્ષણ દરમિયાન સર્વેક્ષણ કરાયેલ 1920 ઘર-રહીશોમાંથી 308 ઘર-રહીશો (16 ટકા) એ એવું નોંધાવ્યું હતું કે પુરા પડાઈ રહેલ પાણીની ગુણવત્તા[46]થી તેઓ સંતુષ્ટ ન હતાં.

ઉપરોક્ત હકીકતો એવું દર્શાવે છે કે પાણીના નમૂનાઓના પરીક્ષણનો મૂળભૂત ઉદ્દેશ ફળીભૂત થયો ન હતો, કેમકે સંબંધિત GPs/વસવાટો પાણીના દૂષણથી વાકેફ થતાં ન હતાં અને તેઓએ દુષિત પાણીનો વપરાશ ચાલુ રાખ્યો હતો, જે ફકરા નં. **2.1.9.1** તથા **2.1.9.2** માં ચર્ચા કરાયેલ આરોગ્યલક્ષી જોખમો તરફ દોરી જતો હતો.

સમાપન બેઠક (30 મે 2019) માં અગ્ર સચિવે જણાવ્યું હતું કે પાણીના અસલામત સ્ત્રોતોના માર્કીંગ કરવા સામૂહિક પગલાં લેવામાં આવશે.

### *2.1.10 નાણાકીય વ્યવસ્થાપન*

વર્ષ 2013-14 થી 2017-18 ના સમયગાળા દરમિયાન WSD એ વિવિધ RWSSs ના અમલીકરણમાં ₹ 13,037.63 કરોડનો ખર્ચ કર્યો હતો, જેમાં NRDWP અંતર્ગત ભારત સરકારના ₹ 2,379.48 કરોડના અનુદાનો સામેલ છે. વિવિધ યોજનાઓ હેઠળ વર્ષ 2013-18 ના સમયગાળા દરમિયાન મળેલ ભંડોળો તથા કરાયેલ ખર્ચની વિગતો **કોષ્ટક-3** માં દર્શાવવામાં આવેલ છે.

**કોષ્ટક-3 : વર્ષ 2013-18 દરમિયાન વિવિધ યોજનાઓ હેઠળ મળેલ ભંડોળો તથા ખર્ચની વિગતો**

(₹ કરોડમાં)

| યોજનાનું નામ | રકમ | |
|---|---|---|
| | પ્રાપ્તિ | ખર્ચ |
| સંશોધન અને વિકાસ (રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ) | 18.00 | 17.35 |
| NRDWP (ભારત સરકારનો હિસ્સો) | 1663.55 | 2379.48 |
| NRDWP ગુજરાત સરકારના હિસ્સા સહિત RWSSs | 5935.64 | 6612.79 |
| સરદાર સરોવર કેનાલ આધારિત RWSS | 3310.80 | 3982.46 |
| ડ્રીંકીંગ વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોટેક્શન ટાસ્ક ફોર્સ | 23.75 | 15.19 |
| વોટર કંઝરવેશન એન્ડ પ્રિવેન્શન ઓફ વેસ્ટેજ ઓફ વોટર | 8.00 | 2.65 |
| મુખ્યમંત્રી મહીલા પાણી સમિતિ પ્રોત્સાહન યોજના | 6.00 | 4.28 |
| ટ્રાઈબલ એરિયા સબ-પ્લાન અંતર્ગત 10 ટકાનો સ્થાનિક ફાળો | 30.00 | 23.43 |
| **કુલ** | **10,995.74** | **13,037.63** |

**(સ્ત્રોત : WSD ના એન્યુઅલ એડમીનીસ્ટ્રેટેવી રિપોર્ટ)**

45 ભરૂચ-11, દાહોદ-9, ડાંગ-9, જામનગર-22, પાટણ-1, સાબરકાંઠા-26 તથા વલસાડ-3

46 રંગ, સ્વાદ, ગંધ, વિગેરેથી તેમના દ્વારા અનુભૂત

પ્રાપ્ત અનુદાન કરતાં વધારે ખર્ચના કિસ્સામાં વધારાનો ખર્ચ WSSs માટે GWSSB ના ભંડોળોમાંથી કરવામાં આવ્યો હતો. વિવિધ યોજનાઓ અંતર્ગત વર્ષ-વાર ખર્ચની વિગતો **પરિશિષ્ટ-X** માં આપવામાં આવી છે.

### *2.1.10.1 અમલકર્તા એજન્સીઓએ પુર રાહત-ભંડોળ પોતાની પાસે રાખી મૂક્યું*

રાજયના વિવિધ ભાગોમાં જુલાઈ 2017 માં આવેલ પુર દરમિયાન નુકશાન પામેલ WSSs ના ત્વરીત પુનઃસ્થાપન માટે ગુજરાત સરકારના નાણાં વિભાગે WSD ને રાજય આફત-રાહત ભંડોળ (SDRF) માંથી ₹ 164.05 કરોડનું ભંડોળ છુટું કર્યુ હતું. આ અનુદાન તારીખ 10 માર્ચ 2018 સુધીમાં વાપરવાનું હતું અને વણવપરાયેલ રકમ સરકારી ખાતામાં પરત-જમા કરવી જરૂરી હતી. WSD એ GWSSB ને ભંડોળો છુટાં કર્યા હતાં (નવેમ્બર 2017), જેમાંથી ₹ 77.20 કરોડ[47] GWSSB એ તેમની માંગના આધારે ત્રણ અમલકર્તા એજન્સીઓને છુટાં કર્યા હતાં અને બાકીની ₹ 86.76 કરોડની રકમ પોતાની પાસે રાખી હતી. ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે આ અમલકર્તા એજન્સીઓ માત્ર ₹ 6.96 કરોડ[48] જ વાપરી શકી હતી તથા તેમણે ₹ 60.19 કરોડ[49] GWSSB ને પરત કર્યા હતાં. બાકીના ₹ 4.77 કરોડ, ₹ 4.90 કરોડ તથા ₹ 0.47 કરોડની રકમો અનુક્રમે WASMO તથા GWIL એ પોતાની પાસે રાખી મુકી હતી (એપ્રિલ-2018). GJTI એ SLL માટે ઉપકરણોની ખરીદી માટે ભંડોળ રાખી મૂક્યું હતું, જયારે GWILએ નદીમાં 1650 mm ડાયામીટરની બલ્ક પાઈપલાઈન SPP-3A ને મજબૂત કરવા માટે ભંડોળ રાખી મૂક્યું હતું. આ બાબત સ્વીકાર્ય ન હતી કેમકે અનુદાન માત્ર ક્ષતિગ્રસ્ત પાણી પૂરવઠા યોજનાઓના પુનઃસ્થાપન માટે જ વાપરવાનું હતું, નહીં કે નિયમિત કામો માટે. GWSSB દ્વારા કરાયેલ ખર્ચ તથા વણવપરાયેલ રકમની વિગતો ઓડિટને ઉપલબ્ધ કરાવવામાં આવી ન હતી.

ઓડિટને વધુ એવું પણ જોવા મળ્યું હતું કે અનુદાન આદેશમાં નિર્ધારિત શરતો અનુસાર GWSSB એ કરાયેલ ખર્ચ માટે ન તો વપરાશ-પ્રમાણપત્ર (UC) રજુ કર્યુ હતું કે ન તો વણવપરાયેલ રકમ (અમલકર્તા ત્રણ એજન્સીઓ દ્વારા પરત કરાયેલ ભંડોળો સહિત) નાણાં-વિભાગને પરત-જમા કરી હતી (મે-2019).

### *2.1.10.2 સંશોધન અને વિકાસ ભંડોળ*

સંશોધન અને વિકાસ (R&D) ની પ્રવૃતિઓ જેવી કે (i) બલ્ક ટ્રાન્સમિશન/ડીસ્ટ્રીબ્યુશન સિસ્ટમમાં શ્રેષ્ઠ ટેકનોલોજીનું આકલન, (ii) પમ્પીંગ સિસ્ટમો તથા એનર્જી એફીસીયન્સી પરફોર્મન્સની પ્રવૃતિઓનું ઓડિટ, (iii) પાણીનો કાર્યદક્ષ ઉપયોગ-નોન રેવેન્યુ વોટર, (iv) જળ સંરક્ષણ તથા જળ-પ્રભરણ વિગેરે પ્રવૃતિઓ હાથ ધરવા માટે GWIL, GWSSB તથા WASMO ને WSD ભંડોળો પુરાં પાડે છે.

- ***GWSSB દ્વારા ₹ 4.57 કરોડનો અનિયમિત ખર્ચ***

વર્ષ 2013-18 ના સમયગાળા દરમિયાન GWSSB ને R&D ની પ્રવૃતિઓ માટે WSD પાસેથી ₹ 18.00 કરોડ પ્રાપ્ત થયા હતાં. GWSSB દ્વારા એવું નોંધાવવામાં આવ્યું હતું કે આ ₹ 18.00 કરોડમાંથી વર્ષ 2013-18 ના સમયગાળામાં ₹ 15.98 કરોડ નો ખર્ચ કરવામાં આવ્યો હતો. ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે નમૂનારૂપ ચકાસણી કરાયેલ પાંચ જિલ્લાઓમાં વર્ષ 2013-18 ના સમયગાળા દરમિયાન R&D ભંડોળોમાંથી ₹ 4.57 કરોડની રકમ R&D ને બદલે અનિયમિત રીતે અન્ય કામો માટે વાપરવામાં આવી હતી, જેની વિગતો **કોષ્ટક-4** માં દર્શાવવામાં આવી છે.

---

47 GWIL ને ₹ 15.38 કરોડ, GJTI ને ₹ 15.45 કરોડ તથા WASMO ને ₹ 46.46 કરોડ

48 GWIL દ્વારા ₹ 0.71 કરોડ, GJTI દ્વારા ₹ 0.55 કરોડ તથા WASMO દ્વારા ₹ 5.70 કરોડ

49 GWIL દ્વારા ₹ 14.20 કરોડ, GJTI દ્વારા ₹ 10.00 કરોડ તથા WASMO દ્વારા ₹ 35.99 કરોડ

**કોષ્ટક-4 : નમૂનારૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓ દ્વારા અન્ય કામો માટે વપરાયેલ R&D ભંડોળોની વિગતો**

(₹ કરોડમાં)

| નમૂનારૂપ ચકાસણી કરાયેલ જિલ્લાનું નામ | વર્ષ | અન્ય કામો માટે વપરાયેલ રકમ | હાથ ધરાયેલ કામની વિગત |
|---|---|---|---|
| સાબરકાંઠા | 2016-17 | 0.37 | ઓફિસના મકાનની લીફ્ટ, મકાનને રંગરોગાન, કોન્ફરન્સ હોલનું ફર્નીશીંગ, વિગેરે |
| ભરૂચ | 2016-18 | 0.22 | GWSSB ની ડીવીઝન ઓફીસ તેમજ DLL ની ઓફીસનાં રીનોવેશનનું કામ |
| વલસાડ | 2013-18 | 1.53 | સર્વેક્ષણની કામગીરી, પાણી પૂરવઠા યોજનાઓ માટે ડ્રાફ્ટ પ્રોજેક્ટ રિપોર્ટ (DPR) તથા ડ્રાફ્ટ ટેન્ડર પેપર (DTP) તૈયાર કરવાં, મીટીંગ માટેના એજન્ડા તૈયાર કરવાં, વિગેરે. |
| પાટણ | 2013-18 | 2.40 | ઓફિસ-મકાનનું બાંધકામ |
| **કુલ** | | **4.57** | |

**(સ્ત્રોત : નમૂનારૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓની GWSSB ની ઓફિસો પાસેથી મેળવેલી માહિતી)**

ઉપરોક્ત કોષ્ટક પરથી જોઈ શકાય છે કે R & D કે જેના માટે ભંડોળ આપવામાં આવ્યું હતું તેના બદલે અન્ય કામો માટે અનિયમિત રીતે ₹ 4.57 કરોડ વાપરવામાં આવ્યા હતાં.

ઉપરોક્ત ઓડિટ અવલોકન એવા પ્રકારનું છે કે ઓડિટની નમૂનારૂપ ચકાસણી કરાયેલ ન હોય તેવા અન્ય જિલ્લાઓમાં પણ જોવા મળી શકે છે. R & D ના હેતુ માટેના ભંડોળમાંથી કરવામાં આવતો અનિયમિત ખર્ચ નિવારી શકાય તે માટે વિભાગે/સરકાર આવા તમામ કિસ્સાઓની આંતરિક રીતે તપાસ કરવી જોઈએ.

સમાપન બેઠક (30 મે 2019) માં અગ્ર સચિવે જણાવ્યું હતું કે R & D પ્રવૃતિઓ અંતર્ગત આવરી લેવાના કામો/આઈટમો ને વિભાગે નિયત કરેલ છે. GWSSB એ એવો જવાબ આપ્યો હતો (ઓક્ટોબર 2019) કે સક્ષમ સત્તાધિશો દ્વારા સંબંધિત ઓફિસોને ખર્ચ કરતી વખતે R & D પ્રવૃતિઓ ના ધોરણોનું અનુપાલન કરવા માટે મૌખિક સૂચનાઓ આપેલ હતી.

### *2.1.10.3 વણવપરાયેલ અનુદાન ભારત સરકારને પરત ન કરાયું.*

MoDWS એ જે-તે સમયે સ્વજલધારા યોજના અંતર્ગત સ્ટાર્ટ-અપ, સંચારક્ષમતા વિકાસ, ગુણવત્તા-નિયંત્રણ, દેખરેખ તથા વહીવટી ખર્ચ વિગેરે માટે ₹ 14.04 કરોડની રકમ WASMO ને છુટી કરી હતી (2009-10). વધુમાં, WSD એ પણ આ હેતુ માટે ₹ 4.52 કરોડ આપ્યા હતાં (2010-15). ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે વર્ષ 2013-14 સુધીમાં WASMO માત્ર ₹ 10.23 કરોડ જ વાપરી શક્યું હતું અને બાકીની ₹ 17.14 કરોડની વણવપરાયેલી રકમ (₹ 8.81 કરોડના વ્યાજ સહિતની) ઓગષ્ટ 2018 ની સ્થિતિએ વણવપરાયેલી પડી રહી હતી. ભારત સરકારે અનુદાન છુટા કર્યાના આદેશમાં વણવપરાયેલ અનુદાન પરત કરવાની શરત નિર્ધારિત કરેલ હોવા છતાં WASMO એ વણવપરાયેલ અનુદાનની ₹ 17.14 કરોડની રકમ ભારત સરકારને પરત કરેલ ન હતી.

આવી જ રીતે ભારત સરકારની રિવર્સ ઓસ્મોસિસ (RO) પ્લાન્ટ યોજના તથા અર્થક્વેક રિહેબીલીટેશન રિકન્સ્ટ્રક્શન (ERR) યોજના અંતર્ગત અનુક્રમે વર્ષ 2013-14 થી ₹ 0.79 કરોડની રકમનું વણવપરાયેલ રહેલ અનુદાન તથા વર્ષ 2014-15 થી ₹ 1.21 કરોડની રકમનું વણવપરાયેલ રહેલ અનુદાન પણ ભારત સરકારને પરત કરવામાં આવ્યા ન હતાં. (એપ્રિલ 2018)

WASMO એ જરૂરી ફેરચકાસણી તેમજ આંકડાઓનું મેળવણું કર્યા બાદ સ્વજલધારા યોજના અંતર્ગત વણવપરાયેલ રહેલ રકમ પરત કરવા અંગે ખાતરી આપી હતી (ઓગષ્ટ 2018). જોકે જવાબમાં નાણાંનો ઉપયોગ ન થવા અંગેના કે વણવપરાયેલ રકમો સમયસર પરત-જમા ન કરવા અંગેના કોઈ જ કારણ આપવામાં આવ્યા ન હતાં.

સમાપન બેઠક (30 મે 2019) માં અગ્ર સચિવે જણાવ્યું હતું કે વણવપરાયેલ અનુદાન ભારત સરકારને પરત કરવામાં આવશે.

### *2.1.10.4 ગ્રામ પંચાયતો દ્વારા વોટર-ચાર્જિસની ચુકવણી ન થઈ*

GWSSB સિંચાઈ વિભાગ, સરદાર સરોવર નર્મદા નિગમ લિમીટેડ (SSNNL) તથા GWIL પાસેથી કુદરતી પાણીની ખરીદી કરે છે અને તેના પર પ્રક્રિયા કરીને પીવાલાયક પાણી ઉદ્યોગો, શૈક્ષણિક તથા અન્ય સંસ્થાઓ, GPs, નગરપાલિકાઓ તથા મ્યુનિસિપલ કોર્પોરેશન્સને ગુજરાત સરકાર દ્વારા નિર્ધારિત (ફેબ્રુઆરી 2007) વોટર-ચાર્જના દરો[50] મુજબ પુરૂં પાડે છે.

ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે GWSSB દ્વારા તેમને પુરાં પડાયેલ પીવાલાયક પાણી માટે GPs વોટર ચાર્જિસની ચુકવતી ન હતી. 31 માર્ચ 2018 ની સ્થિતિએ વોટર ચાર્જિસની બાકી વસૂલાતની વિગતો **કોષ્ટક-5** માં દર્શાવવામાં આવી છે.

**કોષ્ટક-5 : વોટર ચાર્જિસની GPs પાસેથી બાકી-વસૂલાતની વિગતો**

(₹ કરોડમાં)

| નમૂનારૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓ તથા સમગ્ર રાજય | 01 એપ્રિલ 2013 ના રોજ ખુલતી સિલક | 2013-18 દરમિયાન GPs પાસેથી માંગ કરાયેલ વોટર ચાર્જિસ | વસુલ કરવાની કુલ રકમ | 2013-18 દરમિયાન વસૂલ કરાયેલ રકમ | વસૂલાતની ટકાવારી | 31 માર્ચ 2018 ના રોજ બાકી વસૂલાત |
|---|---|---|---|---|---|---|
| ભરૂચ | 7.20 | 4.33 | 11.53 | 0.11 | 0.95 | 11.42 |
| દાહોદ | 1.89 | 0.93 | 2.82 | 0.00 | 0.00 | 2.82 |
| ડાંગ | 3.11 | 2.08 | 5.19 | 0.10 | 1.93 | 5.09 |
| જામનગર | 1.25 | 48.77 | 50.02 | 4.62 | 9.24 | 45.40 |
| પાટણ | 14.01 | 6.65 | 20.66 | 0.70 | 3.39 | 19.96 |
| પોરબંદર | 2.26 | 2.75 | 5.01 | 0.51 | 10.18 | 4.50 |
| સાબરકાંઠા | 6.58 | 7.75 | 14.33 | 0.05 | 0.35 | 14.28 |
| વલસાડ | 2.41 | 3.36 | 5.77 | 0.15 | 2.60 | 5.62 |
| **રાજય** | **279.17** | **363.91** | **643.08** | **48.92** | **7.61** | **594.16** |

**(સ્ત્રોત : GWSSB ની ડીવીઝન/સર્કલ તથા મુખ્યાલય ઓફિસ દ્વારા પુરી પડાયેલ માહિતી)**

50 ઉદ્યોગો માટે : દર 1000 લીટરે ₹ 15.00, GPs માટે : દર 1000 લીટરે ₹ 2.00, નગરપાલિકાઓ માટે : દર 1000 લીટરે ₹ 4.00 તથા મ્યુનિસિપલ કોર્પોરેશન્સ માટે : દર 1000 લીટરે ₹ 6.00

ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે GWSSB માંગના બિલો ત્રિમાસિક ધોરણે જારી કરતું હતું, પરંતુ ત્યારબાદ તે અંગે અનુવર્તી 'પગલાં' લેતું ન હતું. આમ, અપુરતાં અનુવર્તી 'પગલાં'ને લીધે રાજયમાં વર્ષ 2013-18 ના સમયગાળા દરમિયાન વોટર ચાર્જિસની વસૂલાતની ટકાવારી માત્ર 7.61 ટકા જેટલી જ રહી હતી. ઉપરોક્ત કોષ્ટક પરથી એવું જોઈ શકાય છે કે તારીખ 31 માર્ચ 2018 ની સ્થિતિએ રાજયમાં આવેલી GPs પાસેથી ₹ 594.16 કરોડની વસૂલાત બાકી હતી. ઓડિટમાં એવું પણ જોવા મળ્યું હતું કે નમૂનારૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓમાં વર્ષ 2013-18 ના સમયગાળા દરમિયાન વસૂલાતની ટકાવારી શૂન્ય ટકા (દાહોદ) અને 10.18 ટકા (પોરબંદર) વચ્ચે રહી હતી. વધુમાં એવું પણ જોવા મળ્યું હતું કે વર્ષના અંતે બાકી વસૂલાતની બંધ-સિલકના આંકડા પછીના વર્ષની ખુલતી સિલકના આંકડા સાથે મેળ ધરાવતા ન હતાં અને આવા તફાવતના મેળવણાં કરવા માટે GWSSB એ કોઈ જ કાર્યવાહી કરેલ ન હતી. અહીં એ ઉલ્લેખનીય છે કે સંચાલકીય ખર્ચ કરતાં વોટર ચાર્જિસ ઓછા હોવાને કારણે GWSSB એ વર્ષ 2013-18 ના સમયગાળા દરમિયાન ₹ 2,505.74 કરોડ[51]ની સંચાલકીય નુકશાન વેઠયું હતું.

સમાપન બેઠક (30 મે 2019) માં અગ્ર સચિવે જણાવ્યું હતું કે વોટર ચાર્જિસની ચૂકવણી માટે ઉપયોગકર્તાઓ/GPs ને સબસીડી આપવા અંગેની દરખાસ્ત વિચારણા હેઠળ છે.

### *2.1.10.5 વોટર મીટરના અભાવે અયોગ્ય બિલીંગ*

ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે GWSSB દ્વારા GPs ને પુરાં પાડવામાં આવતાં પાણીનો જથ્થો માપવા માટે કોઈ જ મીટર-સીસ્ટમ અસ્તિત્વમાં ન હતી. GWSSB સંબંધિત GP ની અંદાજિત વસ્તીના આધારે તથા દરેક વસવાટ માટેની યોજનાની સ્થાપિત ક્ષમતાના પ્રમાણસર પાણી પૂરવઠાના આધારે જ બીલો બનાવતું હતું. ઓડિટમાં એવું પણ જોવા મળ્યું હતું કે ફકરા નં. **2.1.7.1** માં દર્શાવ્યા મુજબ કોઈક ચોકકસ યોજનાના મોટા ભાગના છેવાડા ના ગામો મેળવતાં જ ન હતાં અથવા તો એકદમ ઓછું પાણી મેળવતાં હતાં. વધુમાં, નમૂનારૂપ ચકાસણી કરાયેલ 32 GPs માંથી બે GPs RWSS ના પાણીનો ઉપયોગ કરતી ન હોવા છતાં GWSSB દ્વારા તેમના નામે બીલ બનાવવામાં આવતાં હતાં. ફકરા નં. **2.1.10.4** માં દર્શાવ્યા મુજબ તારીખ 31 માર્ચ 2018 ની સ્થિતિએ GWSSB એ બનાવેલા બીલોની સામે GPs પાસેથી ₹ 594.16 કરોડની વસૂલાત કરવાની બાકી હતી. ઓડિટનો એવો અભિપ્રાય છે કે અંદાજિત વસ્તી તથા પ્રમાણસરના પાણી પૂરવઠાના આધારે માંગ કરવાને બદલે GWSSB એ ખરેખર વપરાશ નોંધવા માટે વોટર-મીટરો સ્થાપિત કરવા જોઈએ, જેથી વસૂલાતનું અનુસરણ કરવું સરળ રહે.

GWSSB ના ચીફ એન્જિનીયર (પ્લાનીંગ સેલ) એ જણાવ્યું હતું (માર્ચ-2018) કે મીટર સ્થાપિત કરવાની બાબત ખૂબ જ ખર્ચાળ છે. વળી, એવી પણ ખાતરી આપવામાં આવી હતી કે WSD તબક્કાવાર વોટર મીટરોની સ્થાપન કરશે. જવાબ સ્વીકાર્ય ન હતો, કેમકે WSD એ પંચ-વર્ષીય યોજના (2012-17) માં મીટરીંગ ડીવાઈસ સાથે 50 ગામોને આવરી લેવાનું આયોજન કર્યુ હતું, અને તેના પરિણામો તથા જન-સમૂહના પ્રતિભાવના આધારે આખા રાજ્યમાં આ વ્યૂહ અપનાવવાનો હતો. આમ છતાં, ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે માર્ચ-2018 સુધી આ બાબતે WSD એ કોઈજ કાર્યવાહી કરેલ ન હતી.

સમાપન બેઠક (30 મે 2019) માં અગ્ર સચિવે એ બાબત પર ભાર મૂકયો હતો કે તબક્કાવાર વોટર-મીટરોની સ્થાપના કરવામાં આવશે. વધુમાં એવું પણ જણાવવામાં આવ્યું હતું કે બલ્ક પાઈપ થકી વિતરીત થતાં પાણી માટે વોટર-મીટરની સ્થાપના કરવાનું પ્રગતિમાં હતું.

51 (A) ખર્ચા-કુદરતી પાણીનો ખર્ચ ₹ 788.77 કરોડ + O & M ખર્ચા – ₹ 2316.85 કરોડ = ₹ 3,105.62 કરોડ = 3,105.62 કરોડ માંથી (B) O & M અનુદાન ₹ 292.50 કરોડ + વોટર ચાર્જિસ વસૂલાત ₹ 307.38 કરોડ = ₹ 599.88 કરોડ બાદ કરતાં (A)–(B)=₹ 2505.74 કરોડ.

### 2.1.11 જન-સમૂહની ભાગીદારી

પાણી સમિતિઓ એટલે કે વિલેજ વોટર એન્ડ સેનીટેશન કમિટિ (VWSC) એ ગ્રામસભા દ્વારા બહુમતીથી રચાયેલ એક ચાવી રૂપ સંસ્થા છે. એ ગ્રામસભાની 10-20 ચૂંટાયેલ સભ્યોની બનેલી એક પેટા-સમિતિ છે, જે ગામની વિવિધ જ્ઞાતિઓ તેમજ હાંસિયામાં રહેલ સમાજ-સમૂહનું પ્રતિનિધિત્વ કરે છે. પાણી સમિતિઓ ગામની પાણી-પૂરવઠા સિસ્ટમના આયોજન, ડીઝાઈન, અમલીકરણ, વ્યવસ્થાપન, માલિકી અને સંચાલન તથા જાળવણી માટે જવાબદાર છે. ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે ગામોમાં આવેલી તમામ WSSs ના અમલીકરણ તથા વ્યવસ્થાપન માટે જરૂરી જનસમૂહની ભાગીદારી ને રાજ્યમાં VWSCs ને રોકી ને સુનિશ્ચિત કરવામાં આવી હતી. વર્ષ 2017-18 દરમિયાન રાજ્યમાં 17,452 પાણી સમિતિઓ હતી. ઓડિટમાં વધુ એવું પણ જોવા મળ્યું હતું કે VWSCs માં મહીલાઓની ભાગીદારીને પણ 50 ટકા કે તેથી વધુ મહીલા સભ્યો ધરાવતી VWSCs ને મુખ્યમંત્રી મહીલા પાણી સમિતિ પ્રોત્સાહન યોજના હેઠળ રૂ. 25000 ના વધારાના અનુદાન આપીને સુનિશ્ચિત કરવામાં આવી હતી. મહીલા પાણી સમિતિઓ[52]ની સંખ્યા વર્ષ 2016-17 માં 276 હતી તે વર્ષ 2017-18 માં વધીને 495 (79 ટકા) થઈ હતી.

### 2.1.12 માહિતી, શિક્ષણ અને સંચારની પ્રવૃતિઓ

ઈન્ફોર્મેશન, એજ્યુકેશન એન્ડ કોમ્યુનિકેશન (IEC) એટલે કે માહિતી, શિક્ષણ અને સંચારની પ્રવૃતિઓ એ કોઈ કાર્યક્રમ/યોજના ખાસ કરીને એવાં કે જેમાં લોકો સીધેસીધા સંકળાયેલ હોય છે, તેમને સફળ બનાવવાનું એક અગત્યનું સાધન છે.

નમૂનારૂપ ચકાસણી કરાયેલ આઠ જિલ્લાઓમાં ઓડિટને એવું જોવા મળ્યુ હતું કે 507 ગામો RWSSs માંથી પાણી લેતાં ન હતા. આ એવું દર્શાવે છે કે RWSS ના લાભો વિષે તેમજ પરીક્ષણ કરીને ગુણવતાની ખાતરી ન કરાયેલ પાણીનો ઉપયોગ કરવામાં રહેલા આરોગ્ય લક્ષી જોખમો વિષે વિભાગે GPs તથા ગામવાસીઓને માહિતી પુરી પાડી ન હતી. ઓડિટને વધુ એવું પણ જોવા મળ્યું હતું લેબોરેટરીઓમાં પરીક્ષણ કરાયેલ પાણીના નમૂનાઓના પરીક્ષણ-પરિણામોથી સંબંધિત GPs તેમજ ગામવાસીઓને વાકેફ કરવામાં આવતા ન હતાં, વળી અયોગ્ય જોવા મળેલાં જળસ્ત્રોતોને વસવાટો દ્વારા તેના પાણીનો ઉપયોગ કરતાં અટકાવવા માટે અયોગ્ય જળસ્ત્રોત તરીકે ઓળખાવવા માટે કોઈ જ પ્રકારનું માર્કીંગ કરવામાં આવતું ન હતું. પરિણામે અયોગ્ય જળસ્ત્રોત વાળા રહેવાસીઓ એનાથી વાકેફ ન હતાં અને દુષિત પાણીનો ઉપયોગ કરતા હતાં. 1,920 HHs સંયુક્ત સર્વેક્ષણમાં ઓડિટને એવું જોવા મળ્યું હતું કે સર્વેક્ષણ કરાયેલ HHs ના કોઈ જ સભ્ય એ ક્યારેય વિભાગ દ્વારા પાણી સંબંધિત પ્રશ્નો અંગે ગોઠવવામાં આવેલ કોઈ જ IEC કાર્યક્રમ માં હાજરી આપેલ ન હતી.

NRDWP ની માર્ગદર્શિકામાં MoDWS નાણાકીય સહાયથી દરેક રાજ્ય સરકાર દ્વારા કોમ્પ્યુટરરાઈઝ્ડ ગ્રીવન્સ રિડ્રેસલ સિસ્ટમની સ્થાપના કરવા માટે જોગવાઈ કરવામાં આવી છે. ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે રાજ્યમાં કોમ્પ્યુટરાઈઝ સિસ્ટમ સ્થાપવામાં આવી ન હતી, જો કે ફરિયાદ નિવારણ માટે રાજ્યમાં એક ટોલ-ફ્રી નંબર 1916 નવેમ્બર-2016 માં શરૂ કરવામાં આવ્યો હતો. આવી વ્યવસ્થા પાણી પૂરવઠા તેમજ ગુણવત્તાના પ્રશ્નો અંગેની ફરિયાદોની નોંધણી

52 50 ટકા કે વધુ મહીલા સભ્યો ધરાવતી પાણી સમિતિઓ

તેમજ તેમના નિવારણ માટે કરવામાં આવી હતી. નવેમ્બર-2016 થી માર્ચ-2018 દરમિયાનના 17 મહિનાના સમયગાળામાં 426 ફરિયાદો મળી હતી. 1,920 રહીશો સંયુક્ત સર્વેક્ષણમાં ઓડિટને એવું જોવા મળ્યું હતું કે માત્ર એક જ રહીશને આ ટોલ ફ્રી નંબર અંગે જાણકારી હતી. આ એવું દર્શાવે છે કે સંબંધિત સત્તાધિશો દ્વારા IEC ની પ્રવૃતિઓ હાથ ધરવાના અભાવે આ ટોલ-ફ્રી નંબર લોકપ્રિય ન હતો.

ઉપરોક્ત હકીકતો એવું દર્શાવે છે કે વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલ IEC ની પ્રવૃતિઓ અસરકારક ન હતી. ભૂગર્ભ જળના વપરાશમાં રહેલા આરોગ્ય લક્ષી જોખમોથી ગ્રામ્ય વસ્તીને વાકેફ કરવા માટે વિભાગે IEC પ્રવૃતિઓ નો અસરકારક અમલ સુનિશ્ચિત કરવો જોઈએ, જેથી RWSS અંતર્ગત વધુને વધુ વસવાટોને આવરી લઈ શકાય. વળી, આ ભૂગર્ભ જળના વપરાશમાં રહેલા આરોગ્યલક્ષી જોખમો ટાળવામાં પણ મદદરૂપ થશે.

સમાપન બેઠક (30 મે 2019) માં અગ્ર સચિવે જણાવ્યું હતું કે કોમ્પ્યુટરાઈઝડ ગ્રીવન્સ રિડ્રેસલ સિસ્ટમ હવે વિકસિત થઈ ગયેલ છે.

### *2.1.13 દેખરેખ અને નિરીક્ષણ*

#### *2.1.13.1 સંસ્થાકીય માળખું*

NRDWP ની માર્ગદર્શિકાઓ અનુસાર પાણીપૂરવઠા અને સ્વચ્છતા અંગે નીતિગત માર્ગદર્શન, પાણી પૂરવઠા તથા સ્વચ્છતા પ્રવૃતિઓની સમરૂપતા, ગુજરાત સરકારના વિવિધ વિભાગો વચ્ચે સંકલન, વિગેરે માટે રાજ્યમાં એક ઉચ્ચતમ સંસ્થા રૂપે રાજ્ય પાણી તથા સ્વચ્છતા અભિયાન (SWSM) ની સ્થાપના કરવાની હતી. ગુજરાત સરકારે મુખ્ય સચિવ તથા ગુજરાત સરકારના વિવિધ વિભાગોના સચિવોના[53] સભ્યપદ ધરાવતા અભિયાનની રચના કરી હતી (સપ્ટેમ્બર 2003). જેમને વર્ષમાં ઓછામાં ઓછા બે વાર બેઠક બોલાવવાની હતી. WSD એ પુરી પાડેલી માહિતી (ફેબ્રુઆરી-2018) ઉપરથી ઓડિટને એવું જોવા મળ્યું હતું કે સપ્ટેમ્બર-2005 બાદ આ અભિયાને ક્યારેય પણ બેઠક બોલાવી ન હતી કે કોઈ જ પરામર્શ કરેલ ન હતો.

સમાપન બેઠક (30 મે 2019) માં અગ્ર સચિવે જણાવ્યું હતું કે સ્વચ્છતા ને લગતાં કામો ગ્રામ્ય વિકાસ વિભાગ દ્વારા નિયંત્રિત કરવામાં આવે છે.

#### *2.1.13.2 રાજ્ય દ્વારા ખોટી માહિતી નોંધાવવામાં આવી.*

ગુજરાતમાં WASMO તથા GWSSB ની ક્ષેત્રિય ઓફિસો દ્વારા તાલુકા તથા જિલ્લા કક્ષાએ માસિક ધોરણે IMIS માં માહિતી ભરવામાં આવે છે, જે તેમની સંબંધિત મુખ્ય ઓફિસો દ્વારા વેલિડેટ (માન્ય) કરવામાં આવે છે. IMIS ની માહિતી ઉપરથી કેન્દ્ર તથા રાજ્ય સરકારો દ્વારા નાણાંકીય આયોજન તથા અંદાજપત્રિય ફાળવણી કરવામાં આવે છે.

ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે સિસ્ટમમાં ડેટા નિયમિત ધોરણે ભરવામાં આવતો ન હતો. એવું પણ જોવા મળ્યું હતું કે ભરવામાં આવેલ ડેટા કોઈ જ દસ્તાવેજી પુરાવા નો આધાર ધરાવતો ન હતો. IMIS માં ઉપલબ્ધ માહિતીના ઓડિટ વિશ્લેષણમાં એવું ઊજાગર થયું હતું કે કોઈ એક ચોકકસ નાણાંકીય

53 પાણીપૂરવઠા, ગ્રામ્ય વિકાસ, પંચાયેતા, નાણાં, આરોગ્ય, આયોજન વિગેરે.

વર્ષ અંતિત બંધ સિલકના આંકડા ત્યાર પછીના વર્ષની ખુલતી સિલક ના આંકડા સાથે મેળ ધરાવતાં ન હતાં, જેની વિગત **કોષ્ટક-6** માં દર્શાવવામાં આવી છે.

**કોષ્ટક-6 વર્ષ 2013-18 સમયગાળા દરિમયાન રાજ્યમાં PWS જોડાણ ધરાવતાં ઘર-રહીશોની વિગતો**

| વર્ષ | રાજ્યમાં કુલ ઘર-રહીશોની સંખ્યા | વર્ષની શરૂઆતમાં PWS ધરાવતાં ઘર-રહીશો | વર્ષ દરિમયાન PWS પુરાં પડાયેલ ઘર-રહીશો | વર્ષનાં અંતે PWS ધરાવતાં કુલ ઘર-રહીશો |
|---|---|---|---|---|
| 2014-15 | 71,19,197 | 45,26,352 | 85,244 | 46,11,596 |
| 2015-16 | 63,23,672 | 29,56,260 | 43,295 | 29,99,555 |
| 2016-17 | 64,77,558 | 45,18,434 | 2,34,967 | 47,53,401 |
| 2017-18 | 64,77,637 | 47,03,323 | 23,855 | 47,27,178 |

(સ્ત્રોત - દર વર્ષે માર્ચના અંતે IMIS ડેટા)

ઉપરોક્ત કોષ્ટક એવું દર્શાવે છે કે વર્ષ 2014-15 માં રાજ્યમાં આવેલા ઘર-રહીશોની કુલ સંખ્યામાં વર્ષ 2015-15 માં 7,95,525 નો ઘટાડો થયેલ હતો, જેમાં સામાન્ય રીતે વધારો થયેલ હોવો જોઈએ. આવી જ રીતે, વર્ષ 2014-15 ના અંતે PWS ધરાવતાં ઘર-રહીશો ની કુલ સંખ્યામાં વર્ષ 2015-16 ની શરૂઆતમાં 16,55,336 નો ઘટાડો થયેલ હતો. વળી, વર્ષના અંતની બંધ કરાયેલ સંખ્યા પણ ત્યાર બાદ ના બે વર્ષ (2016-17 તથા 2017-18) ની શરૂઆતની ખુલતી સંખ્યા સાથે મેળ ધરાવતી ન હતી. આ એવું દર્શાવે છે કે રાજ્યમાં PWS જોડાણો ધરાવતાં ઘર-રહીશોના નોંધાવવાના આવેલા આંકડા સાચા ન હતાં.

સમાપન બેઠક (30 મે 2019) માં અગ્ર સચિવે જણાવ્યું હતું કે IMIS માં કરવામાં આવતી ડેટા-એન્ટ્રીના કામમાં જોડાયેલ કર્મચારીઓને તાલીમ આપવામાં આવશે.

### *2.1.13.3 પૂર્ણ કરાયેલ યોજનાઓની સમયાંતરે કરવાની દેખરેખનો અભાવ*

WASMO ની સંસ્થાકીય તેમજ ટેકનીકલ સહાયથી આંતરિક ગામ-યોજનાઓના વ્યવસ્થાપન માટે GPs/પાણી સમિતિઓ જવાબદાર છે. NRDWP ની માર્ગદર્શિકાઓ અનુસાર, પુર્ણ કરાયેલ યોજનાઓની કામગીરીની સમયાંતરે દેખરેખ અને સમિક્ષા કરવા માટે અધિકારીઓ, નિષ્ણાંતો, NGOs, સંસ્થાઓ વિગેરે મારફત ગોઠવણ કરવી જોઈએ. આમ છતાં, ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે WASMO માત્ર એવી જ યોજનાઓની દેખરેખ કરતું હતું કે જેનું કામ ચાલુ હોય પૂર્ણ કરાયેલ યોજનાઓની ન તો WASMO દ્વારા કે ન તો અન્ય કોઈ સત્તાધિશો દ્વારા દેખરેખ કરવામાં આવતી હતી.

સમાપન બેઠક (30 મે 2019) માં અગ્ર સચિવે સમયાંતરે દેખરેખ કરવા અંગે ખાતરી આપી હતી.

### *2.1.14 ઉપસંહાર*

ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે નમૂનારૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓએ વર્ષ 2012-17 ના સમયગાળા દરિમયાન WSP તૈયાર કર્યા ન હતાં, જોકે મૂળહાર્દ-સ્તરના આયોજન એટલે કે જિલ્લાસ્તરના WSPs કે ગામસ્તરના WSPs ને ધ્યાનમાં લીધા વિન જ રાજ્ય સ્તરનો રાજ્ય

WSP તૈયાર કરવામાં આવ્યો હતો, પણ ત્યાર બાદ આવો કોઈ જ પ્લાન તૈયાર કરવામાં આવ્યો ન હતો.

ગુજરાત સરકારે એવું નોંધાવ્યું હતું કે રાજ્યમાં આવેલા તમામ 35,996 વસવાટો ને પાણી-પૂરવઠાથી પૂર્ણ રીતે આવરી લેવામાં આવ્યા હતાં, પરંતુ નમૂનારૂપ ચકાસણી કરાયેલ DWSUs દ્વારા પુરી પડાયેલ માહિતી અનુસાર નમૂનારૂપ ચકાસણી કરાયેલ 78 વસવાટો માંથી 37 વસવાટો અંશતઃ રીતે જ આવરવામાં આવ્યા હતાં. નમૂનારૂપ ચકાસણી કરાયેલ આઠ જિલ્લાઓ માં 91 RWSSs હેઠળ આવરી લેવાયેલ 2,352 ગામોમાંથી માત્ર 1,587 ગામો જ RWSSs મારફત પાણી મેળવતાં હતાં. બાકીના 765 ગામોમાંથી 258 ગામોને જળ સ્ત્રોતમાં અપુરતું પાણી હોવાથી આંતરિક વિતરણ નેટવર્ક ઊભું ન કરાયું હોવાથી, ક્ષતિયુક્ત પાઈપો વિગેરે કારણોસર પાણી ઉપલબ્ધ ન હતું.

નમૂનારૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓમાં DWSUs/GWSSBના ડીવીઝનોના રેકોર્ડસ અનુસાર નમૂનારૂપ ચકાસણી કરાયેલ, આ આઠ જિલ્લાઓમાં 377 યોજનાઓ બિન-કાર્યરત હતી. આમ, છતાં IMISમાં માત્ર 76 યોજનાઓ (20 ટકા)ને જ બિન-કાર્યરત યોજનાઓ તરીકે નોંધવામાં આવી હતી. નમૂનારૂપ ચકાસણી કરાયેલ 78 વસવાટોમાં અસ્ક્યામતોની સંયુક્ત ભૌતિક ચકાસણી (એપ્રિલ 2018 થી ઓગષ્ટ 2018) માં ઓડિટને રેકોર્ડ ઉપર કાર્યરત યોજનાઓ તરીકે નોંધાયેલ હોવા છતાં 65 આંતરિક ગ્રામ યોજનાઓ/IVWSS/મીની યોજનાઓમાંથી 28 યોજનાઓ બિન-કાર્યરત જોવા મળેલ હતી. નમૂનારૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓમાં 77 યોજનાઓ લોકભાગીદારીના અપૂરતાં ફાળા, સ્ત્રોતની નિષ્ફળતા, જમીનની અનઉપલબ્ધતા વિગેરે કારણોસર પડતી મૂકવામાં આવી હતી.

SLL એ સ્ટેટ રેફરલ લેબોરેટરી તરીકે કાર્યરત જોવા મળી ન હતી. રાજ્યમાં આવેલા 245 તાલુકાઓમાંથી 198 તાલુકોમાં TLLsની કાંઈ જ સુવિધા ઉપલબ્ધ ન હતી. દરેક તાલુકામાં TLLs ન હોવાના કારણે વર્ષ 2017-18 દરમિયાન માત્ર 32 ટકા નમૂનાઓનું જ રાસાયણિક માપદંડો માટે પરીક્ષણ કરવામાં આવ્યું હતું તથા માત્ર 11 ટકા નમૂનાઓના જ બેક્ટેરીયોલોજિકલ માપદંડો માટે પરીક્ષણ કરવામાં આવ્યું હતું. પાણીની ગુણવત્તાના પરીક્ષણના ફરજિયાત એવા બે રાસાયણિક માપદંડો એટલે કે આયર્ન તથા આર્સનિકના પરીક્ષણ કોઈ જ લેબોરેટરીમાં કરવામાં આવતાં ન હતાં. નમૂનારૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓમાં RWSS મારફત પુરાં પડાતાં પાણી સિવાય તમામ સ્ત્રોતો માટે બેક્ટેરીયોલોજીકલ જીવાણુંલક્ષી પરીક્ષણ કરવામાં આવતું ન હતું. ડ્રાઈવર, કેમીસ્ટ તથા ઉપકરણો/ સાધનોની મરામતના અભાવે GJTI તથા GWSSB ની પાંચ ઝોનલ ઓફિસોને ફાળવવામાં આવેલી મોબાઈલ લેબોરેટરીવાનો વણવપરાયેલી રહી હતી. નમૂનારૂપ ચકાસણી કરાયેલ વસવાટોમાં પાણીની ગુણવત્તાના પરીક્ષણ માટેની ફીલ્ડ ટેસ્ટ કીટ્સનો GPs તથા MPHWs દ્વારા ઉપયોગ કરવામાં આવ્યો ન હતો.

વર્ષ 2013-18 ના સમયગાળા દરમિયાન રાજ્યમાં રાસાયણિક માપદંડો માટે પરીક્ષણ કરાયેલ પાણીનાં આઠ ટકા નમૂનાઓ નાઈટ્રેટ, ફલોરાઈડ, TDS વિગેરેની અધિક માત્રાના કારણે અયોગ્ય ઠેરવવામાં આવ્યા હતાં. નમૂનારૂપ ચકાસણી કરાયેલ 78 વસવાટોમાં ઓડિટની હાજરીમાં DLLના કર્મચારીગણ દ્વારા એકઠાં કરાયેલ 188 નમૂનાઓના સંબંધિત DLL દ્વારા કરાયેલ પરીક્ષણોના પરિક્ષણ-પરીણામોમાં 54 નમૂનાઓમાં ઉપરોક્ત દુષણો સ્વીકાર્ય મર્યાદા કરતાં અધિક હોવાનું જોવા મળ્યું હતું.

વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલ IEC પ્રવૃતિઓ અસરકારક ન હતી. પૂર્ણ કરાયેલ યોજનાઓની સમયાંતરે દેખરેખ કરવામાં આવતી ન હતી.

### 2.1.15 ભલામણો

રાજ્ય સરકારે -

- બિન-કાર્યરત પાણી પૂરવઠા યોજનાઓની ઓળખ કરીને તેમને કાર્યાન્વિત કરવી જોઈએ તેમજ
- વોટર ટેસ્ટીંગ લેબોરેટરીઓ માટે ટેકનિકલ કર્મચારીગણની જરૂરિયાતની સમિક્ષા કરીને ખાલી જગ્યાઓ ભરવી જોઈએ.